



દશેરાના પર્વે અમદાવાદમાં પરંપરા, શ્રદ્ધા અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વિવિધ સ્થળોએ શસ્ત્રપૂજન કરી શહેરીજનોએ પરંપરાને જાળવી હતી. જ્યારે બીજી તરફ ગાંઠિયા-જલેબીની લિજ્જત માણીને પર્વની ખુશી વ્યક્ત કરી હતી. સાંજ પડતાં શહેરના અનેક વિસ્તારોમાં રાવણ દહનના કાર્યક્રમો યોજાયા હતાં. અસત્ય પર સત્યના વિજય અને અધર્મ પર ધર્મના વિજયના પ્રતીક સમા દશેરાના પર્વે રાવણના પૂતળાંનું દહન કરી લોકોએ અનિષ્ટ પર સારા તત્વોના વિજયનો સંદેશ આપ્યો હતો. આમ, અમદાવાદમાં ધાર્મિક પરંપરા, સ્વાદ અને ઉત્સવના રંગો સાથે દશેરાની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

### વીજકાપની ઉદ્યોગો પર જ નહીં, કૃષિક્ષેત્રે પર પણ અસર પડી

# ગુજરાતમાં ઔદ્યોગિક ધમધમાટ તો ઠપ, હવે શહેરો પર વીજકાપનો ખતરો

અમદાવાદ,મંગળવાર

**ગુજરાતમાં વીજ સંકટની સ્થિતિ દિનપ્રતિદિન વધુ ગંભીર બની રહી છે. રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોમાં તો વીજકાપનો અમલ શરૂ કરાયો છે જેના પગલે કારખાના-ફેક્ટરીનો ધમધમાટ શાંત થયો છે. અત્યારથી જ વીજ કટોકટીની સીધી અસર જોવા મળી રહી છે ત્યારે જો આગામી દિવસોમાં આ પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં નહીં આવે, તો ગામડાઓ બાદ હવે અમદાવાદ જેવા મોટા શહેરોમાં પણ વીજકાપનો સામનો કરવો પડે તેવી શક્યતા છે.**

## ગામડાઓ જેવી શહેરોની પણ દશા થશે, વીજસંકટને પગલે દશેરાના દિવસે પણ ગાંધીનગરમાં બેઠકોનો દોર જામ્યો

ગુજરાતમાં ઉત્તર ગુજરાતથી માંડીને કચ્છ સુધી ઔદ્યોગિક વિસ્તારોમાં વીજકાપનો અમલ શરૂ કરાયો છે પરિણામે જીઆઈડીસીમાં નિરવ શાંતિ છવાઇ છે. સાંજે ચાર વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધીના સળંગ ૮ કલાકના વીજકાપને કારણે ઉદ્યોગ જગતની કમર ભાંગી ગઈ છે. ચિંતા એ વાતની છે કે દિવાળીનો તહેવાર બિલકુલ નજીક છે. આ પીક સીઝનમાં ઉત્પાદન ખોરવાઈ જવાની સાથે સાથે ઓર્ડર્સ કેન્સલ થવાની પૂરેપૂરી સંભાવના છે જેને પગલે વેપારીઓ અને ઉદ્યોગકારો ચિંતામાં ડૂબ્યાં છે. આ કારણોસર લાખો શ્રમિકોની રોજીરોટી છીનવાઈ જાય તેવી પણ ભીતિ છે.

આ વીજકાપની સીધી નકારાત્મક અસર માત્ર ઉદ્યોગો પર જ નહીં, પરંતુ ખેતીવાડી પર પણ પડી રહી છે. સિંચાઈ માટે પૂરતી વીજળી ન મળતા ખેડૂતોનો પાક જોખમમાં મુકાયો છે. વીજળીના આ ધાંધિયાને કારણે આગામી સમયમાં આર્થિક મોરચે નુકસાન થવાની સંભાવના છે.છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં શાસન કરતી ભાજપ સરકાર આ વખતે વીજળીની આગોતરી માંગનું અનુમાન લગાવવામાં સદંતર નિષ્ફળ રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. પવન ઊર્જા , સૌર ઊર્જા અને પરંપરાગત થર્મલ પાવર વચ્ચે યોગ્ય તાલમેલ મેળવવામાં સરકારી તંત્રએ ભારે થાપ ખાધી છે. સરકારની આ વહીવટી અણઆવડત અને નબળા આયોજનનો ભોગ અત્યારે આમ જનતા જ નહી, ખેડૂતો અને ઉદ્યોગકારો અને વેપારીઓ બની રહ્યા છે. પરિસ્થિતિ હાથમાંથી સરકી રહી હોવાનો અહેસાસ થતાં જ દશેરાની રજાના દિવસે પણ પાટનગર ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક જાંમી હતી.

**પવન,સૌર ઉર્જા અને થર્મલ પાવર વચ્ચે તાલમેલ સાધવામાં સરકારે થાપ ખાધી : હવે પ્રજા,ખેડૂતો,ઉદ્યોગોના માથે વીજકાપ**

### ખેતરોમાં અંધારપટ,ગાંધીનગરમાં ઝગમગાટ

# ખેડૂતોનો સવાલ, સીએમ હાઉસ મંત્રી નિવાસમાં વીજકાપ કેમ નહીં

અમદાવાદ,મંગળવાર

ગુજરાતમાં વીજ સંકટ વધુ ઘેરું બનતાં હવે ધરતીપુત્રોનો ભભૂક્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વીજકાપ અને અનિયમિત પાવર સપ્લાયથી પરેશાન ખેડૂતોએ સરકાર સામે સીધો મોરચો માંડ્યો છે. ખેડૂતો આગેવાનોએ સવાલ ઉઠાવ્યો છેકે, જો લોડ મેનેજમેન્ટના નામે અમારાં ખેતરોમાં અંધારુ છવાયુ છે પણ નિયમો બધા માટે સમાન હોવા જોઈએ. મુખ્યમંત્રી અને મંત્રીઓના બંગલામાં વીજકાપ કેમ મૂકાતો નથી.

## સચિવાલય,અધિકારી નિવાસથી માંડીને સરકારી કચેરીઓમાં વીજકાપ કરવામાં સરકારને શું વાંધો?

કિસાન કોંગ્રેસ સેલના આગેવાનો-ખેડૂતોએ એક જ સૂર ઉચ્ચારી રહ્યા છેકે, જો ખતરોમાં અમારો ઊભો પાક વીજળી વિના સુકાઈ જતો હોય, તો સરકારના ઉચ્ચ પદાધિકારીઓ સચિવાલય-સરકારી કચેરીઓમાં એસી-પંખા-લાઇટનો ધૂમ ઉપયોગ કરી રહ્યાં છે એનું શું. ખેડૂતોએ આકરા શબ્દોમાં માંગ કરી કે, આખાય રાજ્યમાં વીજકાપનો અમલ શરૂ કરાયો છે ત્યારે સીએમ હાઉસ અને તમામ મંત્રીઓના સરકારી નિવાસોમાં તાત્કાલિક વીજકાપ લાગુ કરવામાં આવે.

ગાંધીનગર સચિવાલય અને રાજ્યની તમામ મુખ્ય સરકારી કચેરીઓમાં પણ દિવસના અમુક કલાક વીજકાપ જોઈએ. ઉલ્લેખનીય છેકે, ધોરાજી, ઉપલેટા સહિતના પંથકોમાં ખેડૂતોએ વીજ કંપનીની કચેરીઓ પર જઈને અધિકારીઓની હાજરીમાં જ પંખા અને લાઈટો બંધ કરાવી દીધી હતી. ખેડૂતોએ અધિકારીઓને રોકડું પરખાવ્યુંકે, ત્યાં સુધી સરકારને આપણી પીડા ખબર નહીં પડે, જ્યાં સુધી સીએમ હાઇસ-સચિવાલયમાં એસી,પંખા,લાઇટ બંધ નહી થાય ત્યાં સુધી સરકારને આમજનતા-ખેડૂતોની પીડાની ખબર નહી પડે.

### વીજ મથકોમાં કોલસાના મહત્તમ ઉપયોગ માટે નિર્દેશ

# વીજ કટોકટી બાદ સરકાર જાગી બેટરી સ્ટોરેજ ક્ષમતા વધારાશે

અમદાવાદ,મંગળવાર

**ગુજરાતમાં સર્જાયેલી વીજ કટોકટીની સ્થિતિને પગલે સરકાર હવે આખરે એક્શન મોડમાં આવી ગઇ છે. રાજ્યના વીજ મથકોમાં કોલસાનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરવા વિશેષ કાર્યવાહી હાથ ધરાઇ હોવાનો દાવો કરાયો છે.**

## સોલાર એનર્જીનો સંગ્રહ કરી સાંજે તેના ઉપયોગની ક્ષમતા ૧૯૨થી વધારીને ૩૯૩૪ મેગાવોટ કરાશે

ઉર્જા વિભાગે જણાવ્યું છે કે, 'કોલસાનો પુરવઠો સુનિશ્ચિત કરવા જીએસઈસીએલને જરૂરી કોલસાના રેક ઉપલબ્ધ કરાવવા માટે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠકો યોજાઇ હતી. કેન્દ્રીય કોલસા મંત્રાલયે નવેમ્બર સુધી રોજના ૧૦થી ૧૧ રેલવે રેક અને નવેમ્બરથી રોજના ૧૩થી ૧૪ રેકનો પુરવઠો સુનિશ્ચિત કરવા ખાતરી આપી છે. એનટીપીસીના ફરકક્કા પ્લાન્ટમાંથી નવેમ્બર માસ માટે ૩૨૯ મેગાવોટ વીજળી ફાળવાઇ છે. આસામના કેન્દ્ર સરકારના પાવર જનરેશનના ફાળામાંથી લાંબા ગાળા માટે ૫૫૧ મેગાવોટ વીજળી પ્રાપ્ત થઇ છે.'

રાજ્યમાં ઉત્પન્ન થતી અંદાજે ૧૨ હજાર મેગાવોટ સોલાર ઊર્જાનો દિવસ દરમિયાન મહત્તમ ઉપયોગ થાય અને ખેતીવાડી લોડનો માત્ર દિવસના સૌર કલાકોમાં જ ઉપયોગ થાય તેવું પણ આયોજન કરાયું હોવાની માહિતી આપવામાં આવી છે. દિવસની સોલાર ઊર્જાનો સંગ્રહ સાંજે તેનો ઉપયોગ કરવા માટે કાયમી ઉકેલ તરીકે બેટરી એનર્જી ઓપરેટેડ સિસ્ટમ ક્ષમતા વધારવામાં આવી રહી છે. રાજ્યમાં હાલ ૧૯૨ મેગાવોટની બેટરી એનર્જી ઓપરેટેડ સિસ્ટમ કાર્યરત્ છે. ૨૭૪૨ મેગાવોટ/૫૫૧૭ મેગાવોટ-કલાક ક્ષમતા માટેના નવા કરારો પૂર્ણ થયેલા છે. માર્ચ ૨૦૨૭ સુધીમાં ૫૦૦ મેગાવોટ/૧ હજાર મેગાવોટ-કલાકની ક્ષમતા કાર્યરત્ થઇ જશે. ૧ હજાર મેગાવોટ/૪ હજાર મેગાવોટ-કલાકની ક્ષમતા પ્રોજેક્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

### સીબીડીટીએ કરદાતાઓ માટે નવું ફોર્મ દાખલ કર્યું

# જામીનગીરીના રોકાણની આવક પર વેરામુક્તિ મેળવવા માટે નવું 'ફોર્મ ૧૭૩-એ' ભરવું પડશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ, મંગળવાર

કેન્દ્રના નાણા મંત્રાલય હેઠળ સક્રિય સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે આવકવેરાના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરીને સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરનારાઓને થતી વ્યાજ અને મૂડી નફાની ઇન્કમ પર આવકવેરામાં છૂટછાટ મેળવવા ઈચ્છતા કરદાતાઓ માટે નવું ફોર્મ ૧૩૭-એ દાખલ કરી ત ફોર્મે ભરવાનું ફરજિયાત કરી દીધું છે. નવા આવકવેરા ધારા-૨૦૨૫ના શિડ્યુલ-૪ની એન્ટ્રી નંબર ૧૩-ડી અને ૧૩-ઈ હેઠળ કરમુક્તિનો દાવો કરતા તમામ દેશી અને વિદેશી રોકાણકારોએ આ ફોર્મમાં પોતાની નાણાકીય અને રોકાણ સંબંધિત તમામ વિગતા ફરજિયાતે દર્શાવવી પડશે. ત્યારબાદ જ તેમને વેરામુક્તિનો લાભ મળશે.

## સીબીડીટીએ દાખલ કરેલા નવા ફોમમા રોકાણ અને આવકનો સંપૂર્ણ હિસાબ રજૂ કર્યા પછી જ વેરામુક્તિ મળશે

સરકોરી સિક્યોરિટીઝ સાર્વભૌમ ગેરંટી ધરાવતા ઝીરો-રિસ્ક રોકાણનો વિકલ્પ છે, તેમાં મુખ્યત્વે ટ્રેઝરી બિલ્સ, ફિક્સ્ડ તથા ફ્લોટિંગ રેટના બોન્ડ્સ અને સ્ટેટ ડેવલપમેન્ટ લોન્સનો સમાવેશ થાય છે. તેમાં સંસ્થાકીય રોકાણકારો, એસએલઆરના નિયમોનું પાલન કરવા તમામ બેન્કો, જીવન વીમા નિગસ સહિતની વીમા કંપનીઓ, પ્રોવિડન્ટ તથા પેન્શન ફંડ્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સ ઉપરાંત વિદેશી અને કોપીરેટ રોકાણકારો, બિન-નિવાસી ભારતીયો, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો, મોટા કોપીરેટ્સ અને ટ્રસ્ટો, રિટેલ રોકાણકારો તેમના નાણાં રોકે છે. સામાન્ય નાગરિકો અને સિનિયર સિટીઝન્સ પણ તેમાં રોકાણ કરતાં હોય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭થી ફોર્મ ૧૭૩-એ ભરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

ફોર્મ ૧૭૩-એ લાવવા પાછળનો મુખ્ય હેતુ કરમુક્તિના દાવાઓમાં પારદર્શિતા લાવવાનો છે. આ ફોર્મમાં મુખ્યત્વે બે વિભાગો હેઠળ વિગતો માગવામાં આવી છે. એક, રોકાણકારની અંગત અને ઓળખ પાક્કી કરવા માટે રોકાણકારનું નામ, સરનામું, કાયમી રહેઠાણનો દેશ, પાન નંબર, ઈમેઈલ આઈડી, ફોન નંબર આપવો ફરજિયાત કરવામાં આવ્યો છે. તેમજ વિદેશી રોકાણકારો માટે તેમના દેશનો ટીન-ટેક્સ આઈડેન્ટિફિકેસન નંબર તથા સેબી રજિસ્ટ્રેશન નંબર આપવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. બે, દરેક સિક્યોરિટીનો આઈએસઆઈએન નંબર, સિક્યોરીટીઝનો પ્રકાર અને ખરીદીનો સમયગાળો, નાણાકીય વર્ષ દરમિયાન પહેલી એપ્રિલના રોજનું ઓપનિંગ મૂલ્ય, વર્ષ દરમિયાન કરેલી નવી ખરીદી, વેચાયેલી સિક્યોરિટીઝથી થયેલી આવક અને ૩૧ માર્ચનું ક્લોઝિંગ મૂલ્ય આપવું ફરજિયાત કરવામાં આવ્યું છે. તદુપરાંત વર્ષ દરમિયાન મળેલું ગ્રોસ વ્યાજ અને કેપિટલ ગેઈનની ચોક્કસ ગણતરી દર્શાવીને રોકાણકારે પોતે જ તેને પ્રમાણિત કરીને રજૂ કરવું પડશે.

સિક્યોરિટીઝમાં કરવામાં આવેલા રોકાણ અંગેનું વ્યવહારુ ઉદાહરણ આપીને વાત કરીએ તો કમલેશ નામના એક વિદેશી કે બિન-નિવાસી રોકાણકારે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સ્ટેટ ડેવલપમેન્ટ લોન અને ટ્રેઝરી બિલ્સમાં કરેલા રોકાણમાંથી રૂ. ૧૦ લાખની વ્યાજની તથા બોન્ડ્સ વેચીને રૂ. ૫ લાખનો કેપિટલ ગેઈન કર્યો છે. આવકવેરા ૨૦૨૫-ની જોગવાઈ હેઠળ રોકાણકાર રૂ.૧૫ લાખની આવક પર ટેક્સ છૂટ મેળવવા હકદાર છે. પરંતુ, આ છૂટ મેળવવા કમલેશે ઈ-ફાઈલિંગ પોર્ટલ પર ફોર્મ ૧૭૩-એ ફરજિયાત ભરવું પડશે. આ ફોર્મમાં કમલેશે પોતાના દેશનો ટીન નંબર, આઈએસડીએન નંબર સાથે ખરીદી ને વેચાણનો હિસાબ અને વ્યાજની ગણતરી દર્શાવી ડિજિટલ સહી કરીને તેને સર્ટીફાય-પ્રમાણિત કરીને રજૂ કરવું પડશે.

આ ફોર્મ માત્ર અધિકૃત વ્યક્તિની ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટના માધ્યમથી ઈ-ફાઈલિંગ પોર્ટલ પરથી જ સબમિટ થઈ શકશે. જો નિયત સમયમર્યાદામાં આ ફોર્મ ભરવામાં નહીં આવે, તો ઈન્કમ ટેક્સ એક્ટ, ૨૦૨૫ની કલમ ૪૫૬ જે તે કરદાતા કે રોકાણકારને દંડ કરવામાં આવશે. તેમ જ કરદાતા સામે કાયદાકીય આકારણીની પ્રોસીડિંગ્સ શરૂ થઈ શકે છે.

આ નવા નિયમથી કોઈપણ બ્લેન્કેટ કે ઓટોમેટિક એક્ઝેમ્પશન મળશે નહીં. પરંતુ ફોર્મ ૧૭૩-એના માધ્યમથી સચોટ રિપોર્ટિંગ કર્યા બાદ જ કાયદેસરની ટેક્સ છૂટ મળશે. આ પગલાથી બોન્ડ માર્કેટમાં થતી ગેરરીતિઓ અને ટેક્સ ચોરી પર સંપૂર્ણ રોક લાગશે.

### અમદાવાદ મ્યુનિ.માં નિયમો નેવે મૂકી બેફામ ખર્ચ

# ૧૮૦ પટ્ટાવાળા પૂરા પાડવાનું રૂ.પાંચ કરોડનું કામ વગર ટેન્ડરે આપવા કારસો

અમદાવાદ, મંગળવાર

**અમદાવાદ મ્યુનિ.માં જાણે કે કોના બાપની દિવાળી... જેવો તાલ રચાયો છે. કારણ કે નિયમો નેવે મૂકીને બેફામ ખર્ચ થઈ રહ્યા છે. સિંગલ ટેન્ડરના આધારે કરોડો રૂપિયાના કામ અપાતા હોવાની વાત તો જગજાહેર છે. પણ હવે તેનાથી એક ડગલું આગળ વધીને ૧૮૦ પટ્ટાવાળા આઉટસોર્સિંગથી પૂરા પાડવાનું આશરે પાંચ કરોડ રૂપિયાનું કામ વગર ટેન્ડરે આપી દેવાનો કારસો રચાયો છે. આવતીકાલે બુધવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગેની સીધી દરખાસ્ત પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.**

## ગત ટર્મના ઠરાવના આધારે ત્રણ એજન્સીઓને કરાર પત્ર કે ડિપોઝિટ ભરવામાંથી પણ મુક્તિ : સ્ટેન્ડિંગમાં સીધી દરખાસ્ત

અમદાવાદ મ્યુનિ.માં આમ તો ૧૫ હજારથી વધારે કર્મચારીઓ કામ કરી રહ્યા છે. આમ છતાં વિવિધ વિભાગોમાં પટ્ટાવાળાની અછત છે! માટે મ્યુનિ.માં ૧૮૦ પટ્ટાવાળા આઉટસોર્સિંગથી રાખવાનું આયોજન તંત્રએ કર્યું છે. આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓ આઉટસોર્સિંગથી રાખવાના હોય, ત્યારે ટેન્ડરિંગ પ્રક્રીયા કરવી જરૂરી છે. પરંતુ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે સીધી જ દરખાસ્ત મુકાઈ છે. જે અનુસાર ગત ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી દ્વારા કરાયેલા ઠરાવ મુજબની ત્રણ એજન્સીઓને આ કામ આપવાનું નક્કી કરાયું છે. એટલે કે એક વર્ષ પહેલાં ગત ટર્મમાં થયેલી દરખાસ્તના આધારે ત્રણ એજન્સીઓને, ૧૮૦ પટ્ટાવાળા આગામી એક વર્ષ સુધી આઉટસોર્સથી પૂરા પાડવાનું કામ વગર ટેન્ડરે આપી દેવાશે. વળી આ એજન્સીઓને કરાર પત્ર કે ડિપોઝિટ ભરવામાંથી મૂક્તિ આપવાની શરત પણ રાખવામાં આવી છે. એટલે કે ત્રણેય એજન્સીઓ માટે તમામ અનુકૂળ વ્યવસ્થાઓ તંત્રએ કરી આપી છે. ૧૮૦ પટ્ટાવાળાના પગાર પેટે ચૂકવવાની એક વર્ષની રકમ રૂ.પાંચ કરોડ થાય છે!

**એક વર્ષ પહેલાંના ઠરાવમાં શું હતું?**

**૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ મળેલી મ્યુનિ.ની હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીમાં બે અલગ-અલગ દરખાસ્તો મંજૂર કરાઈ હતી. જેમાં એક દરખાસ્તમાં રૂ.૯.૧૩ કરોડના ખર્ચે ૧૬૪ પટ્ટાવાળા તેમજ બીજી દરખાસ્તમાં રૂ.૧૬ કરોડના ખર્ચે ૨૮૮ પટ્ટાવાળા બે વર્ષ માટે આઉટસોર્સિંગથી લેવાની વાત હતી. આ ગણતરી મુજબ એક પટ્ટાવાળાના એક વર્ષના પગાર પેટે એજન્સીઓને રૂ.૨.૭૭ લાખ આપવાના હતા. આ ગણતરી પ્રમાણે જ આ વખતે પણ કામ આપવાનું આયોજન છે. પરિણામે ૧૮૦ પટ્ટાવાળાના પગાર પેટે રૂ.પાંચ કરોડની રકમ થશે.**



**કોના બાપની દિવાળી!**

**એક પટ્ટાવાળાનો માસિક પગાર રૂ.૨૩ હજાર! ખરેખર આટલી રકમ ચૂકવાશે?**

**હિસાબ મુજબ એક પટ્ટાવાળા પેટે વાર્ષિક રૂ.૨.૭૭ લાખ અને માસિક રૂ.૨૩,૧૫૦ જેટલો પગાર ચૂકવાશે. હકીકતમાં કોઈ પટ્ટાવાળાને આટલો પગાર ચૂકવાય છે ખરો! મોટાભાગે ૧૨થી ૧૫ હજાર માસિક પગાર પટ્ટાવાળાને ચૂકવી બાકીની રકમની મલાઈ એજન્સી ખાઈ જતી હોય છે. જેમાંથી બધાની ભાગબટાઈ થાય છે.**

**પટ્ટાવાળાઓની ફાળવણી ક્યા વિભાગમાં કરાશે?**

**હાલમાં મુકાયેલી દરખાસ્ત અનુસાર ત્રણ એજન્સીઓ પાસેથી ૬૦-૬૦ પટ્ટાવાળા આઉટસોર્સ દ્વારા લેવામાં આવશે. દરેકમાં ૯ સેક્રેટરી ઓફિસ અને ૫૧ અન્ય ખાતાઓમાં ફાળવવામાં આવશે. ૩૦ નવેમ્બર, ૨૦૨૭ સુધી લેવામાં આવનાર આ સેવાઓ માટેનો વર્ક ઓર્ડર અને પગાર જેતે ખાતેથી ચૂકવાશે.**

**જૂના ઠરાવમાં કંઈ એજન્સીઓને કામ અપાયું છે?**

* અલ્ટ્રામોર્ડન એજન્સી
* ક્લીન ઈન્ડિયા
* શાશ્વત સાફલ્ય પ્રા. લિ.

# ઓખા-શકૂરબસ્તી ટ્રેનનો સિદ્ધપુર સ્ટેશનનો સ્ટોપ રદ

રાજકોટ,મંગળવાર

અમદાવાદ-પાલનપુર વચ્ચે સિદ્ધપુર રેલવે સ્ટેશન ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ અને ઊંચાઈ વધારવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને કારણે ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા-શકૂરબસ્તી સ્પેશિયલનો સિદ્ધપુર સ્ટેશન પર સ્ટોપેજ હંગામી ધોરણે રદ રહેશે. જેથી તા.૨૦ અને ૨૭ ઓક્ટોબર, તા.૩ અને ૧૦ નવેમ્બરના રોજ સિદ્ધપુર સ્ટેશને ઊભી રહેશે નહીં.

### બીજા રાઉન્ડનું સીટ એલોટમેન્ટ જાહેર

# PTCમાં વધુ ૫૯૦૦ વિદ્યાર્થીને પ્રવેશ, ૭૬ સરકારી સહિત ૧૬૦ બેઠકો ખાલી રહી

અમદાવાદ, મંગળવાર

**ધો.૧૨ પછીના પીટીસી એટલે કે ડીએલએડ કોર્સમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં બીજા રાઉન્ડનું સીટ એલોટમેન્ટ કરી દેવામા આવ્યુ છે.આ એલોટમેન્ટમાં વધુ ૫૯૦૦ વિદ્યાર્થીને પ્રવેશ મળ્યો છે. જ્યારે હજુ પણ ૭૬ સરકારી સહિત ૧૬૦ બેઠકો ખાલી રહી છે.**

## જનરલ કેટેગરી કરતા એસસી-એસટી કેટેગરીમાં પ્રવેશની ટકાવારી વધુઃ હવે ત્રીજો રાઉન્ડ કરવો પડશે

પીટીસીમાં આ વર્ષે કોલેજોની મંજુરીને લઈને વિલંબ થતા પ્રવેશ પ્રક્રિયા ખૂબ જ મોડી શરૂ થઈ છે. કુલ ૨૧૧ કોલેજો માટે સરકાર દ્વારા ઓલનાઈન પ્રક્રિયા કરવામા આવી રહી છે. જેમાં આ વર્ષે ૧૯ હજારથી વધુ બેઠકો છે. જેમાં ખાનગી કોલેજોની ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોને બાદ કરતા બાકીની ૧૬૮૦૦થી વધુ બેઠકો માટે ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયા કરાઈ હતી. પીટીસીની ડિમાન્ડ વધતા ૬૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ મેરિટમાં હતા. પ્રથમ રાઉન્ડના અંતે બેઠકો ખાલી રહેતા બીજો રાઉન્ડ શરૂ કરાયો હતો.બીજા રાઉન્ડમાં વધુ ૫૯૦૦ વિદ્યાર્થીને પ્રવેશ ફાળવાયો છે. જેમાં ઈડબલ્યુએસના૬૧૯, જનરલમાં ૨૧૭૮, એસસીમાં ૪૫૭, એસઈબીસીમાં ૧૫૭૪ અને એસટીમાં ૧૦૭૨ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. કોલેજ મુજબ સરકારીમાં ૨૪૭, ગ્રાન્ટેડમાં ૬૩૪ અને ખાનગી કોલેજોમાં ૫૦૧૯ વિદ્યાર્થીને મેરિટ-ચોઈસ મુજબ પ્રવેશ મળ્યો છે. આ સીટ એલોટમેન્ટ બાદ કેટેગરી મુજબ ઈડબલ્યુએસમાં ૪૩, જનરલમાં ૩૭, એસસીમાં ૧૦, એસઈબીસીમાં ૪૭ અને એસટીમાં ૨૩ સહિત ૧૬૦ બેઠકો ખાલી છે. કોલેજ મુજબ સરકારીમાં ૭૬, ગ્રાન્ટેડમાં ૨૭ અને ખાનગીમાં ૫૭ બેઠકો ખાલી છે. હવે ત્રીજો રાઉન્ડ પણ સરકારે કરવો પડશે.

### ધોરી નસ સમાન VIP રોડ પર એક પણ બસ નહીં

# શેલાના ૫૦ હજાર જેટલા શહેરીજનો AMTS-BRTS બસ સેવાથી વંચિત

અમદાવાદ, મંગળવાર

**અમદાવાદના પશ્ચિમમાં એસપી રિંગ રોડથી બહારની તરફ શેલા વિસ્તારમાં એક દસકામાં હજારો નવા પરિવારો વસવાટ કરવા આવ્યા છે. નાની-મોટી ૧૦૦થી વધુ સોસાયટીઓ આ વિસ્તારમાં બની છે. પરંતુ આજ સુધી મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અહીં જાહેર પરિવહન એવી સિટી બસની યોગ્ય સેવા શરૂ કરવામાં આવી નથી. જેના કારણે લોકોએ મજબૂરીવશ મોંઘાદાટ ભાડા ખર્ચીને ખાનગી પરિવહનનો સહારો લેવો પડે છે.**

## લોકોએ મોંઘાદાટ ભાડા ખર્ચીને ખાનગી પરિવહનનો લેવો પડતો સહારો, રાત્રે સર્જાતી કફોડી પરિસ્થિતિ

અમદાવાદ જનમાર્ગ સંચાલિત બીઆરટીએસ બોપલ અને ઘુમા સુધી જાય છે. પરંતુ શેલા તરફ તેનો કોઈ રૂટ નથી. આવી રીતે જ એએમટીએસની માંડ એકાદ-બે બસ ક્લબ ઓ ૭ રોડ પર દોડે છે. પરંતુ જે રોડને સાણંદ સાથે સીધો કનેક્ટ કરવાની તૈયારી ચાલી રહી છે, તેવા ધોળી નસ સમાન વીઆઈપી રોડ પર એક પણ બસ નથી. આ રોડ પર શેલનાથ મહાદેવ મંદિર તેમજ ઔડાનું ઓડિટોરિયમ આવેલું છે. જ્યાં સિટી બસનું સ્ટેન્ડ બનાવવાની સૌથી વધુ જરૂર છે. આ તમામ વિસ્તારમાં રહેતા રહીશોએ એએમટીએસનો લાભ લેવા માટે છેક સોબો સેન્ટર અને બીઆરટીએસમાં મુસાફરી કરવા વકીલ સાહેબ બ્રિજ સુધી રિક્ષા કે ટેક્સીમાં આવવું પડે છે. વળી રાત્રિના સમયે તો દરરોજ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો, ધંધાર્થીઓએ ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડે છે. ત્યારે તાત્કાલિક અસરથી અહીં શહેરી વિસ્તારની ટેક્સીનું તોતિંગ ભાડું ચૂકવ્યા સિવાય કોઈ વિકલ્પ જ નથી. સિટી બસ સેવાના અભાવે માફક સિટી બસ સેવા શરૂ કરવામાં આવે તેવી માંગ લોકોએ કરી છે.

**શેલાથી વિવિધ વિસ્તારનું રિક્ષા-ટેક્સી ભાડું**

| વિસ્તાર | રકમ |
|---|---|
| સોબો સેન્ટર | ૫૦ |
| ઈસ્કોન ચોકડી | ૧૫૦ |
| ગીતા મંદિર | ૩૦૦ |
| કાલુપુર | ૩૦૦ |
| સાબરમતી | ૨૫૦ |
| એરપોર્ટ | ૩૫૦ |
| સનાથલ ચોકડી | ૨૦૦ |
| નિકોલ | ૪૫૦ |
| લાલ દરવાજા | ૨૫૦ |

**નવી બસો આ રૂટ પર મુકવાનું આયોજન છે - જનમાર્ગ મેનેજર**

**અમદાવાદ જનમાર્ગ લિ.ના મેનેજર રાહુલ શર્માએ જણાવ્યું છે કે, આગામી દિવસોમાં આવનારી નવી બસો આ રૂટ પર મુકવાનું આયોજન છે. પહેલાં હયાત રૂટ પર ફિક્વન્સીમાં વધારો કરાશે. ત્યાર બાદ નવા વિસ્તારને આવરીને નવા રૂટ શરૂ કરવામાં આવશે. ટૂંક સમયમાં આ અંગેનો સર્વે કરાશે.**



## મહાભારતકાળથી ચાલી આવતી પાંચ જ્યોતવાળી પલ્લીની પરંપરા

# રૂપાલમાં ભક્તોના મહાસાગર વચ્ચે ઘીની નદી : ૫૦ કરોડના ઘીનો અભિષેક



(તસ્વીર: ધર્મેન્દ્રસિંહ કુંપાવત)

ગાંધીનગર, મંગળવાર

ગાંધીનગર શહેર નજીક આવેલા રૂપાલ ગામમાં નોમ એટલે કે સોમવારની રાત્રે વરદાયિની માતનો પલ્લી મેળો ભરાયો હતો. મહાભારતકાળથી ગામમાં નિકાળવામાં આવતી આ પલ્લી મેળામાં આ વખતે જાણે શ્રધ્ધાનો મહાસગાર છલકાયો હોય તેમ ૧૮ લાખથી પણ વધુ ભક્તો ઉમટી પડ્યા હતા. એટલુ જ નહીં, આ ભક્તો દ્વારા પલ્લી ઉપર છથી સાડા છ લાખ કિલોગ્રામ ચોખ્ખા ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો.બજાર કિંમત પ્રમાણે આ વખતે પલ્લી ઉપર ૫૦ કરોડ રૂપિયાંના ઘીનો અભિષેક કરવામાં આવ્યો છે. તો પલ્લી પર ઘીના અભિષેકથી સમગ્ર ગામમાં જાણે ચોખ્ખા ઘીની નદીઓ વહેતી હોય તેવું દ્રશ્ય ઉભું થયું હતું.

પલ્લીના ઈતિહાસ પર નજર કરીએ તો, દ્વાપર યુગમાં પાંડવોએ ગુપ્તવાસમાં જતાં પહેલાં પોતાના શ ો ખીજડાના એક વૃક્ષની નીચે સંતાડયા હતા. આ શસ્ત્રોની રક્ષા માટે તેઓએ વરદાયિની માતાની પ્રાર્થના કરી હતી. જંગલોની વચ્ચે ઘેરાયેલા રૂપાલ પંથકમાં ખીજડાન આ વૃક્ષની નીચે માતાજીની દેરી હતી. ગુપ્તવાસ પુરો કરી પાંડવો વિરાટનગર એટલે કે હાલના ધોળકમાંથી પરત ફરી શસ્ત્રો લેવા રૂપાલ આવ્યા ત્યારે શસ્ત્રોની પૂજા કરી તેમણે પાંચ દિવાની જ્યોતવાળી પલ્લી બનાવી માતાજી પાસે મૂકી હતી. ત્યાર બાદ હસ્તીનાપુરના યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ કૃષ્ણ સાથે પાંડવો અહીં આવ્યા હતા અને સોનાની પલ્લી બનાવીને ગામમાં નિકાળી હતી. ત્યારથી નવરાત્રીની નોંમની મધરાત્રી બાદ પલ્લી નિકાળવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ વખતે પણ નોમને સોમવારના રોજ મેળો ભરાયો હતો જ્યારે પરોઢીયે ચાર વાગે પલ્લી ગામમાં નીકળી હતી. પલ્લી મેળામાં માનવ મેદનીને ધ્યાને લઈને એસટી નિગમે વધારાની બસીનું આયોજન કર્યું હતું અને અઘટિત બનાવને રોકવા માટે પોલીસે આખી રાત પેટ્રોલિંગ કર્યુ હતું.

વરદાયિની માતા દેવસ્થાન સંસ્થાના ટ્રસ્ટી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આ વખતે પલ્લીમેળામાં ૧૮ લાખથી પણ વધુ ભક્તી ઉમેટલા હતા. સોમવારની મધ્યરાત્રી બાદ પલ્લીની વિવિધ ધર્મ અને સંપ્રદાયના લોકો દ્વારા પુજન-વિધી પછી વહેલી પરોઢે ચાર કલાકે માતાજીની પલ્લીનું મોટા માઢમાંથી પ્રસ્થાન કરાયું હતું. આ પલ્લી ગામના ૨૭ ચોરા-ચકલામાં ફરીને સવારે ૭થ૧૫ કલાકે મંદિરમાં આવી હતી. શ્રદ્ધાના વહેતા રહેલા ઘોડાપુરમાં ભાવિકો દ્વારા ઘીનો અભિષેક કરવા ઉપરાંત રોકડથી કરેલા દાનની આવક પણ થઈ હતી. તો પલ્લીની પરિક્રમા દરમિયાન પલ્લી પર છ લાખથી સાડા છ લાખ કીલોગ્રામ ચોખ્ખો ઘીનો અભિષેક કરવામાં આવ્યો હોવાનો અંદાજ પણ તેમણે લગાવ્યો હતો. આ ઘીનો આજના બજારભાવ સાથે સરખાવવામાં આવે તો પલ્લી પર ચઢાવવાનાં આવેલુ આ શુધ્ધ ઘી ૫૦ કરોડ રૂપિયાનું થાય છે. પલ્લી બાદ ગામનાં જાણે ચોખ્ખા ઘીની નદીઓ વહેતી હોય તેવા અલૌકિક દ્રશ્યો પણ જોવા મળ્યાં હતા.

## પલ્લી મેળામાં ૧૮ લાખથી વધુ ભક્તો ઉમટી પડ્યા : સાડા છ લાખ કિલો ચોખ્ખું ઘી ચઢાવવામાં આવ્યું હોવાનો અંદાજ

## વાત વાતમાં

# આ નવરાત્રિનાં 'હાઈકુ'!

જાપાનથી ગુજરાતમાં આવેલા આ ટચૂકડા કાવ્ય પ્રકારમાં માત્ર ૧૭ અક્ષર વાપરવાના હોય છે. જોકે જાપાનિસ ભાષા તો ચિત્રલિપી છે એટલે 'દુષ્ટ માનવી' એવા 'સાડા ચાર અક્ષરના શબ્દ માટે એક જ ચિત્ર હોય!

ગુજરાતીમાં આવી 'સંકડાશ' હોય ત્યારે હાઈકુ બનાવવાનું સહેલું નથી. છતાં...

***

(આજકાલની સ્ટાઈલના ગરબામાં ક્યાંય તાળી પડતી જ નથી ! તો એના માટે આ હાઈકુ...)

રંગતાળીમાં
રંગ વધ્યા, તાળી ગૈ !
બોલો, દે તાળી !

***

(સરકારે કોમર્શિયલ ગરબા માટે જાતજાતના નિયમો તો કર્યા છે. છતાં શું થાય છે ?)

લેવું પડશે
લાયસન્સ, નહીં તો
'પ્રસાદ' આપો !

***

(સરવાળે થાય છે શું ? કેપેસિટી કરતાં બમણી સંખ્યામાં પાસ વહેંચાય (કે વેચાય) છે ! આના કારણે...)

મોંઘેરા પાસ
લઈને ગરબામાં...
નિહાળી ભીડ !

***

(અંદર ગયા પછી શું પરિસ્થિતિ થાય છે ? જુઓ...)

નામો છે મોટાં
સ્પીકર પણ મોટાં
પાક્યા છે કાન !

***

(બીજી બાજુ મિડલ કલાસ સોસાયટીઓમાં ગરબા શી રીતે ગવાય છે ?)

ગાયા ગરબા
પણ ગાયા છે કોણે ?
પેન ડ્રાઈવે !

***

(છતાં હવે ગરબા તો મોટો સિઝનલ બિઝનેસ થઈ ગયો છે. એ હિસાબે જોઈએ તો...)

કરોડોની માં
કમાણી (ય) કરોડોમાં
હિસાબ પાકો !

***

(શહેરના રસ્તાઓમાં વાહનો કલાકો સુધી ફસાઈ જાય છે. પણ આ હાલત માત્ર અહીં જ નથી...)

ટ્રાફિક જામ...
હલવાની જગ્યા નૈં...
ગ્રાઉન્ડમાં જ !!

***

(ઝાકઝમાળવાળા આ ગરબાનાં રીલ્સ જોઈને અમુક લોકો વટથી કહે છે 'લો બોલો, મોંઘવારી ક્યાં છે ?' પરંતુ એમને ખબર નથી કે...)

મોંઘવારી છે ?
શોધી કાઢો ! મળશે
શેરી ગરબે...

- મન્નુ શેખચલ્લી

## ગુજરાતમાં કરૂણાંતિકાઓથી મંગળવાર બન્યો અ-મંગળવાર

# અકસ્માતની છ ઘટનામાં એક PSI, મેડિકલના ૩ વિદ્યાર્થી સહિત ૧૩ મોત

ગાંધીનગર/વડોદરા/રાજકોટ/પાલનપુર, મંગળવાર

મંગળવારનો દિવસ અનેક પરિવાર માટે 'અમંગળ' બની રહ્યો હતો. આજે રાજ્યમાં ગાંધીનગર, વડોદરા, બનાસકાંઠા, રાજકોટ અને કચ્છમાં છ અલગ-અલગ બનાવમાં ૧૫ વ્યક્તિના મોત થયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલામાં મેડિકલના ૩ વિદ્યાર્થી, ૧ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને બે બાળકોનો પણ સમાવેશ થાય છે.

## ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજ પાસે કાર ડિવાઈડર સાથે અથડાતાં મેડિકલના ત્રણ વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો

### ગરબા રમીને કારમાં અમદાવાદ પરત ફરતા અડાલજ પાસે અકસ્માત

ગરબા રમીને કારમાં અમદાવાદ પરત ફરી રહેલા ચાર યુવા મિત્રોની કાર ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજ પાસે મહારાજા હોટેલ નજીક પહોંચતા જ કારચાલક યુવકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી હાઈ સ્પીડ કાર રોડના ડિવાઈડર પર ચઢીને ઝાડ સાથે ધડાકાભેર અથડાતા ધ્રોળવીરસિંહ રાણા અને આસ્થા રાઠોડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા વૈશ્વી શેઠ અને સ્મિત નામના ચોથા યુવકને ત્વરિત સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન વૈશ્વી શેઠનું પણ મોત નીપજ્યું હતું, જ્યારે ચોથા યુવક સ્મિતને વધુ સારવાર અર્થે જીવરાજ મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ત્રણેય મૃતકો એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યા હતા.

### પી.એસ.આઈ. મિત્રને મળવા જતાં હતા અને મોત મળ્યું

ભરૂચ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર મનુબર ગામ પાસે ટેમ્પો અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકો પૈકી ત્રણનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતાં.આ દુર્ઘટનામાં પી.એસ.આઈ. યશ પટેલ ઉપરાંત મહેસાણાના ૨૭ વર્ષીય પાર્થ પટેલ અને ૨૮ વર્ષીય અસફાક મોનીનનાં પણ ઘટનાસ્થળે જ મોત થયા હતાં. કારમાં સવાર અન્ય એક મિત્ર મંથન સુરેશભાઈ સોની (રહે. નરોડા,અમદાવાદ) ને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. પી.એસ.આઈ. અને તેના મિત્રો ભરૂચમાં એક મિત્રને મળવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી.

### ડાયાલિસિસ કરાવી પરત ફરી રહ્યા હતા અને જીવલેણ અકસ્માત

પાલનપુર-ડીસા હાઈવે પર બાદરપુરા પાટિયા નજીક રિક્ષા અને અજાણ્યા વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસિસની સારવાર કરાવી રિક્ષામાં પોતાના વતન તરફ પરત ફરી રહેલા ડીસા તાલુકાના સાંડિયા ગામના નિવૃત્ત રેલવે કર્મચારી ચેહરાભાઈ અને તેમનાં પત્ની લાસુબેનની રિક્ષાને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. અકસ્માતમાં દંપતી સહિત રિક્ષાચાલક શ્રવણભાઈ માજીરાણાનાં મોત નીપજ્યાં હતાં. અન્ય બનાવમાં અમીરગઢ નજીક વે વેઈટ હોટલ પાસે બાઈકને અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારતાં જી.આર.ડી. જવાન સહિત બે યુવકોએ જીવ ગુમાવ્યો હતો.

### શેરડી ભરેલા ટ્રેક્ટરની ટ્રોલી પડતાં બે યુવકના મોત

માણાવદર રહેતો પિયુષ ગોસ્વામી તથા તેના મિત્રો કુલદિપ નરેશભાઈ, અજય સોલંકી, વિશાલ પાટડીયા તેમજ અજય જંજુવાડીયા બે બાઈક લઈ માણાવદરથી જૂનાગઢ ગરબી જોવા આવ્યા હતા. રાત્રીના ૩ની આસપાસ યુવાનો લઘુશંકા બાદ રોડ પર ઉભા હતા ત્યારે જૂનાગઢ તરફથી શેરડી ભરેલું ટ્રેક્ટર પૂરઝડપે આવ્યું હતું અને યુવાનો જ્યાં હતા ત્યાં જ ટ્રેક્ટરની ટ્રોલીનો હૂક નીકળી જતા શેરડી ભરેલી ટ્રોલી આ યુવાનો ઉપર પડી હતી. જેમાં વિશાલ પાટડીયા, અજય મનોજ, પિયુષ ગોસ્વામી અને કુલદિપ શેરડી નીચે દબાઈ ગયા હતા. જેમાં વિશાલ પાટડીયા અને અજય સોલંકીના મૃત્યુ થયા હતા.

### મોગલધામથી આવતી બોલેરો ડમ્પર સાથે ટકરાઈ: બે બાળકોના મોત, ૧૫ ઘાયલ

સાંતલપુરના ગામડાઓનો એક સંઘ બોલેરોમાં કબરાઉ મોગલધામ ખાતે દર્શનાર્થે જતો હતો ત્યારે ભચાઉ નજીક ખારોઈ-કકરવા વચ્ચે ડમ્પર સાથે અકસ્માત થયો હતો. બેફામ ગતિએ આવતાં ડમ્પર સાથે ટક્કર પછી બોલેરો પલ્ટી ગઈ હતી. અકસ્માતમાં બોલેરોચાલક વિરમ આહીરના છ વર્ષના પુત્ર મયંક ઉપરાંત ૧૨ વર્ષની ક્રિષ્નાબહેન જીવણભાઈ આહીરના સ્થળ પર જ મૃત્યુ નિપજ્યા હતા. આહિર પરિવારના અન્ય ૧૫ ઈજાગ્રસ્તોને સારવાર માટે વાગડ વેલફેર હોસ્પિટલ અને ગાંધીધામમાં સારવાર માટે ખસેડાયા છે.

## સામાન્ય દિવસો કરતાં ૧૧ ટકાનો વધારો

# નવરાત્રીમાં દરરોજ સરેરાશ ૭૫૭ને વાહન અકસ્માતમાં ઈજા

અમદાવાદ,મંગળવાર

ગુજરાતમાં નવરાત્રી દરમિયાન વાહન અકસ્માતમાં ઈજાના ૬૮૧૭ કેસ નોંધાયા હતા. આમ, નવરાત્રીમાં દરરોજ સરેરાશ ૭૫૭ લોકો વાહન અકસ્માતમાં ઘાયલ થયા હતા. સામાન્ય દિવસોમાં વાહન અકસ્માતમાં દરરોજ સરેરાશ ૬૮૧ લોકોને ઈજા થતી હોય છે.

## ૯ દિવસમાં શ્વાસ-હૃદયમાં સમસ્યા સહિતના મેડિકલ ઈમરજન્સીના કુલ ૫૦૯૭૯ કેસ

ઈમરજન્સી સેવા '૧૦૮' પાસેથી આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર નવરાત્રી દરમિયાન મોટાભાગની અન્ય મેડિકલ ઈમરજન્સીમાં ઘટાડો થયો હતો. સામાન્ય દિવસોમાં સરેરાશ મેડિકલ ઈમરજન્સીના સરેરાશ ૫૮૦૪ કોલ્સ સામે નવરાત્રીમાં ૫૬૬૩ કોલ્સ આવ્યા હતા. નવરાત્રીમાં રોજની સરેરાશ મેડિકલ ઈમરજન્સીની વાત કરવામાં આવે તો હૃદયની સમસ્યાના ૩૨૮, સખત તાવના ૩૪૫, પેટમાં દુખાવાના ૭૦૨, શ્વાસમાં સમસ્યાના ૪૮૩ કેસ સામે આવ્યા હતા.

અમદાવાદમાં નવરાત્રી દરમિયાન વાહન અકસ્માતમાં ૧૦૮૮ લોકો ઘાયલ થયા હતા. સામાન્ય દિવસોમાં સરેરાશ ૧૦૨ની સામે નવરાત્રીમાં વાહન અકસ્માતના ૧૨૧ કેસ નોંધાયા હતા.

**નવરાત્રીમાં વાહન અકસ્માતથી ઈજાના કેસ**

| તારીખ | ગુજરાત | અમદાવાદ |
|---|---|---|
| ૧૧ | ૮૦૬ | ૧૨૯ |
| ૧૨ | ૭૩૮ | ૧૨૭ |
| ૧૩ | ૬૪૯ | ૯૯ |
| ૧૪ | ૬૮૮ | ૧૧૦ |
| ૧૫ | ૭૧૩ | ૧૩૨ |
| ૧૬ | ૬૭૬ | ૧૪૪ |
| ૧૭ | ૭૬૯ | ૧૩૩ |
| ૧૮ | ૮૮૬ | ૧૨૫ |
| ૧૯ | ૮૯૨ | ૧૩૬ |

આમ, વાહન અકસ્માતથી ઈજાના કેસમાં ૧૮.૬૩ ટકાનો વધારો થયો હતો.

## દરિયા કિનારાના રક્ષક જ હવે રક્ષા વિનાના !

# ગ્લોબલ વોર્મિંગની અસર : ગુજરાતમાં પરવાળા હવે નામશેષ થવાનું જોખમ

અમદાવાદ, મંગળવાર

વિશ્વમાં પરવાળાના ખડકો બનાવતી ૪૪ ટકા પ્રજાતિઓ લુપ્ત થવાના જોખમ હેઠળ છે. દરિયાઈ ગરમીના વધતા પ્રકોપ વચ્ચે સામે આવેલા આ વૈશ્વિક આંકડાએ ગુજરાતના દરિયાઈ પર્યાવરણ સામે પણ ગંભીર સવાલ ઊભો કર્યો છે. ગુજરાતના દરિયાકાંઠે પરવાળાની ૯૮ પ્રજાતિઓ નોંધાઈ હોવાનો એક સંશોધન આધારિત આંકડો મળે છે.

## ખંભાતના અખાતમાં માઈક્રોપ્લાસ્ટિકનું પ્રદૂષણઃ ગુજરાતના પરવાળાની કેટલી પ્રજાતિઓ જોખમમાં છે તેનો હિસાબ નહીં

કચ્છના અખાતમાં પરવાળા ઝાંખા પડવાની ઘટનાઓ નોંધાઈ છે, જ્યારે ખંભાતના અખાતમાં માઈક્રોપ્લાસ્ટિકનું પ્રદૂષણ સંશોધનમાં સામે આવ્યું છે. આમ છતાં ગુજરાતમાં પરવાળાની કેટલી પ્રજાતિઓ જોખમ હેઠળ છે છતાં તેની દરકાર ક્યાંય લેવામાં આવી રહી નથી. આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘના ૧૫ ઑક્ટોબર, ૨૦૨૬ના મૂલ્યાંકન મુજબ, પૂરતી માહિતી ધરાવતી વિશ્વની ૭૭૪ પરવાળા પ્રજાતિઓમાંથી ૩૪૦ પ્રજાતિઓ લુપ્ત થવાના જોખમ હેઠળ છે. આ મૂલ્યાંકન ૨૦૨૦ સુધીના આંકડા પર આધારિત છે. ત્યાર પછી ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન વિશ્વમાં પરવાળાના ઝાંખા પડવાની વધુ એક મોટી ઘટના બની હોવાથી જોખમ વધી રહ્યું છે.

### કચ્છના અખાતમાં ગરમીની અસર

ગુજરાતના કચ્છના અખાતમાં પરવાળાના ખડકો આવેલા છે. જૂન ૨૦૧૬માં અહીં દરિયાની સપાટીનું તાપમાન સામાન્ય મહત્તમ કરતાં ૧.૩૧ ડિગ્રી સેલ્સિયસ વધારે નોંધાયું હતું. ત્યારબાદ લાકુ પોઈન્ટ નજીકના અભ્યાસમાં ૧૩ પરવાળા પ્રજાતિઓમાં ઝાંખપ જોવા મળી હતી. વધુમાં, ભારત સરકારે ડિસેમ્બર ૨૦૨૪માં સંસદમાં આપેલી માહિતીમાં કચ્છના અખાતને વૈશ્વિક પરવાળા વિરંજનની ચોથી ઘટનાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સામેલ કર્યો હતો.

### ખંભાતના અખાતમાં પ્રદૂષણની ચિંતા

ખંભાતના અખાતમાં પરવાળાની સ્થિતિ અંગે દરિયાઈ પર્યાવરણ પર પ્રદૂષણનું દબાણ સ્પષ્ટ થાય છે. એક પ્રકાશિત સંશોધનમાં અખાતના ૨૧ કાદવવાળા દરિયાકાંઠાનાં સ્થળોએ માઈક્રોપ્લાસ્ટિકનું પ્રમાણ તપાસવામાં આવ્યું હતું. જેમાં અલંગ, મહુવા, ઘોઘા અને ઊંચા કોટડા સહિતનાં સ્થળોએ ઊંચું પ્રદૂષણ જોવા મળ્યું હતું. ૨૦૨૬ના અન્ય અભ્યાસમાં કચ્છ અને ખંભાતના અખાતનાં દરિયાકાંઠે માઈક્રોપ્લાસ્ટિકની હાજરી અને તેના ફેલાવાની તપાસ કરવામાં આવી હતી.

### ગુજરાતના દરિયાઈ વારસાનો હિસાબ અધૂરો

વધતું તાપમાન પરવાળાના ઝાંખા થવાનું વિરંજનનું મુખ્ય કારણ છે, જ્યારે પ્રદૂષણ દરિયાઈ પર્યાવરણ પર વધારાનું દબાણ ઊભું કરે છે. જેની સીધી અસર ગુજરાતના દરિયામાં જીવતા પરવાળા પર સીધી અસર થઈ રહી છે. રાજ્યમાં પરવાળાની પ્રજાતિઓની હાલની સ્થિતિ અને તેની ઝાંખપના કારણે થયેલા નુકસાન અને સંરક્ષણનાં કોઈ સ્પષ્ટ વિગતો જાહેરમાં આવી રહી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વમાં ૪૪ ટકા પ્રજાતિઓ જોખમમાં હોવાનો આંકડો ચેતવણી સમાન છે; ત્યારે ગુજરાતના દરિયામાં થઈ રહેલા પરવાળાના

* ગુજરાતનો દરિયાકાંઠો : પરવાળાની ૯૮ પ્રજાતિઓ
* કચ્છનો અખાત : ૮૨ પ્રજાતિઓ
* દ્વારકા-પોરબંદર : ૫૯ પ્રજાતિઓ
* સોમનાથ-અમરેલી-ભાવનગરનો વિસ્તાર : ૧૩ પ્રજાતિઓ
* ઉત્તર કચ્છનો અખાત : ૩ પ્રજાતિઓ

## ૨૫ વર્ષમાં સર્વાધિક તાપમાન

# અલ નીનો વધુ મજબૂત બની રહ્યો છે, ઓક્ટોબર અંત સુધી વધારે તાપ પડશે

રાજકોટ,મંગળવાર

સ્ટ્રોંગ અર્થાત્ મજબૂત કક્ષામાંથી અલ નીનો પ્રવાહ હવે વેરી સ્ટ્રોંગ કે સુપર સ્ટ્રોંગની ઐતહાસિક ઉંચાઈ પર આવી રહ્યો છે જેની અસર રૂપે ભારતના વરસાદમાં ૧૩ ટકાની ખાધ પડી છે અને હવે ૩૧ ઓક્ટોબર સુધી આ સમયમાં વરસતા માવઠાંનું પ્રમાણ પણ સામાન્યથી ઘણું ઓછું રહેવાનું અને તાપમાન સામાન્યથી વધારે રહેવાનું પૂર્વાનુમાન મૌસમ વિભાગે જારી કર્યું છે.

## આજે ગુજરાતમાં ક્યાંક છાંટા વરસવાની શક્યતા સાથે એકંદરે સુકુ અને ગરમ હવામાન રહેવાની આગાહી

આજે પણ સમગ્ર દેશમાં સૌથી વધારે તાપમાન રાજકોટમાં ૪૦.૮ સે. રહ્યું છે. રાજસ્થાનના રણપ્રદેશ કે કચ્છના રણ નજીકના સ્થળો કરતા પણ રાજકોટમાં ગરમી વધારે છે. ગત ૨૫ વર્ષમાં સર્વાધિક ગરમી આ વર્ષે પડી રહી છે. ઈ.સ.૨૦૧૧ પછી એકમાત્ર ઈ.સ.૨૦૨૦માં તાપમાન ૪૦.૨ સે.એ પહોંચ્યું હતું અને આ વખતે તો વારંવાર ૪૦ સે.ની ઉપર રહે છે.

રાજ્યમાં પણ પારો સતત ઉંચો રહે છે જેમાં કંડલા ૩૯.૫, સુરેન્દ્રનગર,ભૂજ, નલિયા, ડીસા ૩૯, કેશોદ, પોરબંદર, વલ્લભવિદ્યાનગર, વડોદરા, સુરત ૩૮ સે., અમદાવાદ, અમરેલી સહિતના સ્થળે ૩૭ સે.તાપમાન સાથે તાપ વરસતો રહ્યો હતો. આજે વરસાદની આગાહી હતી પરંતુ, માત્ર સુરતમાં ૧-૨ મિ.મિ.છાંટા સિવાય ક્યાંય વરસાદ નથી. મોસમ વિભાગે તા.૨૨ ઓક્ટોબરના પણ છૂટાછવાયા હળવો વરસાદ કે છાંટા વરસવાની શક્યતા દર્શાવી છે. જો કે એકંદરે રાજ્યમાં સુકુ અને સામાન્યથી વધારે ગરમ હવામાન દિવાળી સુધી જારી રહેશે. દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્રમાં લો પ્રેશર એરિયા સર્જાયેલ છે પણ તેની ગુજરાતને અસર થવાની શક્યતા નહીવત્ છે.

### અમદાવાદમાં હજુ પાંચ દિવસ તાપમાન ૩૮ની આસપાસ રહેશે

અમદાવાદ, મંગળવાર

અમદાવાદમાં આજે ૩૮.૧ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૧ ડિગ્રીનો વધારો થયો હતો. હજુ આગામી પાંચ દિવસ અમદાવાદનું તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ જ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. ગત રાત્રિના અમદાવાદમાં ૨૩.૨ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. નવેમ્બરના પ્રથમ સપ્તાહથી ઠંડીના ચમકારાનો પ્રારંભ થઈ શકે છે. રાજ્યમાંથી અન્યત્ર રાજકોટમાં ૪૦.૬, ભુજમાં ૩૯.૩, સુરતમાં ૩૭.૩, ગાંધીનગર-વડોદરામાં ૩૭, ભાવનગરમાં ૩૬.૯ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

## શિક્ષણનું ક્ષેત્ર પણ રાજકીય અખાડામાં ફેરવાયું

# બે મહિનાની ખેંચતાણ બાદ આજે મ્યુનિ. સ્કૂલ બોર્ડના ચેરમેન, વા.ચેરમેન નિમાશે

અમદાવાદ, મંગળવાર

૧૨૦૦ કરોડ રૂપિયાથી વધુનું બજેટ ધરાવતા અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સભ્યોની નિમણૂકના આશરે બે મહિના સુધી રાજકીય ખેંચતાણ ચાલ્યા બાદ આખરે નવા ચેરમેન અને વા.ચેરમેનની નિમણૂકનું મુહૂર્ત મળ્યું છે. આવતીકાલે બુધવારે સવારે મળનારની બોર્ડની બેઠકમાં બંને હોદ્દેદારોની સત્તાવાર વરણી કરવામાં આવશે.

## મળતિયાઓને ચેરમેન તરીકે ગોઠવવાના પ્રયાસો વચ્ચે સરકારી સભ્યની વાઈલ્ડકાર્ડ એન્ટ્રી થવાની ભારે ચર્ચા

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડની ચૂંટણી પ્રક્રીયા ગત ૨૫ ઓગસ્ટના રોજ યોજાઈ હતી. જેમાં ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ સભ્ય બિનહરિફ ચૂંટાઈ આવ્યા હતા. આ સમયે શાસક પક્ષ ભાજપ દ્વારા ચેરમેન તરીકે પ્રજ્ઞેશ ભરતભાઈ પટેલ અને વા. ચેરમેન તરીકે અંકિત બાબુભાઈ રાઠોડના નામની જાહેરાત કરાઈ હતી. પરંતુ બે મહિનાથી તેમની સત્તાવાર વરણી કરવામાં આવી નથી. એક તરફ આ મહત્વના હોદ્દા પર સરકારી પ્રતિનિધિની નિમણૂક થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા હતા. બીજી તરફ પૂર્વ વિસ્તારના ભાજપના એક માજી કાઉન્સિલર તથા અન્ય કેટલાક હોદ્દેદારો પોતાના માણસોને ચેરમેન બનાવવા માટે હવાતિયા મારી રહ્યા હતા. દરમિયાનમાં આવતીકાલે બુધવારે સવારે ૧૧ વાગ્યે મળનારી બોર્ડની પ્રથમ બેઠકમાં નવા ચેરમેન, વા.ચેરમેનની વરણી થશે. મ્યુનિ.ના શાસક પક્ષના નેતાના જણાવ્યા અનુસાર હાલમાં તો અગાઉ નક્કી થયેલા બંને હોદ્દેદારોના નામ જ યથાવત છે. જોકે સરકારી સભ્યની વાઈલ્ડકાર્ડ એન્ટ્રી થવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

### અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડનો પરિચય

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં કુલ ૧૫ સભ્યો હોય છે. જેમાં ચૂંટાયેલા ૧૨ સભ્યો પૈકી અત્યારે ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ છે. આ સિવાય સરકારી પ્રતિનિધિ તરીકે પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ બે બિન સરકારી સભ્યોની નિમણૂક શિક્ષણ વિભાગે કરી છે. ૧૨૦૦ કરોડનું બજેટ ધરાવતા મ્યુનિ. સ્કૂલ બોર્ડ હેઠળ કુલ ૪૫૩ શાળાઓ છે. જેમાં ૧.૭૨ લાખ બાળકો અભ્યાસ કરે છે. બોર્ડના માળખાની કોઈ ચોક્કસ મુદત હોતી નથી. સમયાંતરે જરૂરિયાત અનુસાર તેમાં ફેરફાર કરાય છે.

## ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં ફેરફાર

# યુજી-પીજી સેમેસ્ટરમાં હવે વેકેશનમાં પરીક્ષા નહીં લેવાય

અમદાવાદ,મંગળવાર

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુજી સેમેસ્ટર-૫ અને પીજી સેમેસ્ટર-૩ની પરીક્ષાઓ અગાઉ ૨૨ ઓક્ટોબરથી ગોઠવવામાં આવી હતી પરંતુ હવે જે ૨૭મીથી લેવામા આવનાર છે ત્યારે આ પરીક્ષાઓ પાછી ઠેલાવા સાથે દિવાળી વેકેશનમાં ગોઠવાયેલી પરીક્ષાઓ પણ પાછી ઠેલવવામા આવશે અને મોટા પાયે પરીક્ષા કાર્યક્રમમાં ફેરબદલ કરાશે.

## ૨૨ ઓક્ટો.ને બદલે ૨૭મીથી પરીક્ષાઓ શરૂ કરવા સાથે ૧૮ નવે.થી શરૂ થતી પરીક્ષાઓ પણ પાછી ઠેલાશે

ગુજરાત યુનિ.દ્વારા વિન્ટ સેમેસ્ટર પરીક્ષાઓનો પ્રારંભ કરવા સાથે પ્રથમ તબક્કામાં એટીકેટી-રીમીડીયલ પરીક્ષાઓ લેવાઈ હતી. ત્યારબાદ યુજીમાં બીએ, બીકોમ, બીબીએ,બીસીએ, બીએસસી સહિતની યુજી સેમેસ્ટર-૫ તેમજ એમએ, એમકોમ અને એમએમસસી સહિતની યુજી સેમેસ્ટર-૩ની પરીક્ષાઓ ૨૨ ઓક્ટોબરથી એટલે કે નવરાત્રી બાદ શરૂ થનાર હતી. પરંતુ કેટલીક પરીક્ષાઓમાં તારીખો એક સાથે અને એક જ દિવસે પરીક્ષાને લઈને પરીક્ષાઓમાં ફેરબદલ માટે કુલપતિ સુધી રજૂઆતો પહોંચી હતી.જેને પગલે ૨૨મીની પરીક્ષાઓ પાછી ઠેલીને હવે ૨૭મી ઓક્ટોબરથી લેવામાં આવનાર છે.

આ પરીક્ષાઓમાં ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે. આ ઉપરાંત દિવાળી વેકેશનમાં ૧૮ નવેમ્બરથી યુજી કોર્સીસના સેમેસ્ટર-૩ની પરીક્ષાઓ શરૂ થનાર હતી. પરંતુ વેકેશન ૨૫ નવેમ્બરે પુરુ થનાર છે ત્યારે પોતાના વતન ગયેલા કે બહાર ફરવા ગયેલા વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે વેકેશનમાં પાછુ આવવુ પડે તેમ હોઈ આ મુદ્દે પણ વિરોધ હતો. ઉપરાંત પ્રોફેસરોની પણ રજૂઆતો હતી. આમ હવે યુજી સેમેસ્ટર-૫ અને પીજી સેમેસ્ટર-૩ પરીક્ષાઓ બદલાવા સાથે યુજી સેમેસ્ટર-૩ની પરીક્ષાઓની તારીખ પણ બદલાશે. ૧૮ નવેમ્બરની પરીક્ષાઓ હવે એક સપ્તાહ પાછી ઠેલાશે અને તેની નવી તારીખો સાથે આગળનો નવો કાર્યક્રમ હવે પછી યુનિ.દ્વારા જાહેર કરાશે.

## નોટરીઓની માંગણીઓ ટૂંક સમયમાં સંતોષાય તેવી શકયતા

અમદાવાદ,મંગળવાર

નોટરીઓ પાસેથી સોગંદનામાં કરવા સહિતની સંબંધિત સત્તાઓ લઈ મામલતદાર-તલાટીને આપી દેવાથી માંડી નોટરી ટિકિટ મેળવવામાં વર્ષોથી પડતી હાલાકી મામલે ન્યુ નોટરી ચેરિટેબલ એસોસિએશન તરફથી નોટરીઓની હડતાળની અપાયેલી ચીમકીને પગલે સરકારમાં હવે નોટરીઓની ટિકિટ વ્યવસ્તા સહિતના મુદ્દે સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે. જેને પગલે ટૂંક સમયમાં જ નોટરીઓની અમુક માંગણીઓ સંતોષાઈ જાય તેવી શકયતા છે. વિદ્યાર્થીઓના એફિડેવિટ, આવકના દાખલા સંબંધિત એફિડેવિટ, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના એફિડેવિટ, પાસપોર્ટ સંબંધિત એફિડેવિટ તેમજ ભાડાકરાર માટે જરૂરી મંજૂરી અને કરારો સહિત નાગરિકોને વિવિધ દસ્તાવેજી સેવાઓ પૂરી પાડતા નોટરીઓ પાસેથી મોટાભાગની કામગીરી-સત્તા છીનવી લેવાતાં સમગ્ર નોટરી આલમમાં ઉગ્ર આક્રોશ વ્યાપી ગયો હતો.

## ગુજરાતમાં ગત વર્ષે ૪.૭૮ લાખ ટનમાં ૪૧ હજાર ટનનો વધારો

# સોયાબીનનું ઉત્પાદન વધીને ૫.૧૯ લાખ ટન, યાર્ડોમાં આવકમાં વધારો

રાજકોટ,મંગળવાર

ગુજરાતમાં ગત વર્ષે ચોમાસુ સારુ રહ્યું હતું ત્યારે સોયાબીનનું ઉત્પાદન ૪.૭૮ લાખ ટન નોંધાયું હતું જેમાં આવર્ષે વધુ વાવેતરના પગલા ઉત્પાદનમાં આશરે ૪૧ હજાર ટનનો વધારો થતા આ વર્ષે ૫.૧૯ લાખ ટનનો સત્તાવાર અંદાજ જારી થયો છે. દરમિયાન સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડમાં સોયાબીનની આવકમાં નોંધપાત્રો વધારો થયો છે.પ્રોટીનનો સ્ત્રોત ગણાતા સોયાબીન કઠોળ તરીકે તેમજ ખાદ્યતેલ માટે પણ વ્યાપક રીતે વપરાય છે.

## રાજકોટ યાર્ડમાં ૬૨,૦૦૦ મણ સોયાબીન તેમજ ૩૧,૦૦૦ મણ મગફળી સહિત જણસીની આવકો

રાજકોટ યાર્ડમાં આજે એક દિવસમાં ૧૨,૪૦૦ ક્વિન્ટલ અર્થાત્ ૬૨,૦૦૦ મણની આવક નોંધાઈ હતી. ખાસ કરીને



ખેડૂતોને સોયાબીનના હાલ ઉંચા ભાવ મળતા આવક વધી રહી છે. બે દિવસ પહેલા ૧૨૦૦-૧૪૪૦ના ભાવ હતા જે આજે આવક વધારા છતાં પ્રતિ મણ રૂ.૧૩૫૦-૧૬૦૦ના ભાવે સોદા થયા છે. આ સાથે મગફળીની આવકમાં પણ ક્રમશઃ વધારો જોવા મળે છે, આજે ૩૧,૦૦૦ મણ મગફળી આવી હતી અને ભાવ પણ રૂ.૧૨૫૦થી ૧૭૦૦ સુધીના ખેડૂતોને મળ્યા છે. દિવાળી પૂર્વે ખેડૂતોને કૃષિપાકના રોકડાં નાણાંની જરૂર રહેતી હોય છે પરંતુ, આ વખતે રવિ સીઝનમાં રોકાણ કેટલું કરી શકાશે તે અંગે જળસંગ્રહ નહીવત્ હોવાના કારણે ચિંતા પ્રવર્તતી હોય માર્કેટમાં જણસીની આવક ગત વર્ષોની સાપેક્ષે ધીમી છે.

### રવિ સીઝન પર સવાલો સાથે ઘંઉના ભાવ ૭૦૦ને પાર થયા

રાજકોટ યાર્ડમાં ગત વર્ષના પાકેલા ટૂકડા ઘંઉ રૂ.૫૫૦-૧૬૮૦ની રેન્જમાં વેચાતા રહ્યા છે. ઘંઉની સીઝન હજુ આવી રહી છે પરંતુ, રવિ સીઝન કેવી જશે તે અંગે મુંઝવણના પગલે હાલ માર્કેટમાં ઘંઉના ભાવમાં આંશિક વધારો જોવા મળ્યો છે અને બે-ત્રણ દિવસથી પ્રતિ મણ ટુકડા ઘંઉના ભાવ રૂ.૭૦૦ને પાર થયા છે.

## વાહનોના વેચાણમાં સુધારો થવા છતાં

# ઓટો ટેક ક્ષેત્રે ફંડિંગમાં સતત ઘટાડો

અમદાવાદ, તા. ૨૦

ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી) ૨.૦ પછી ભારતમાં ઓટોમોબાઈલના વેચાણમાં સુધારો જોવા મળ્યો છે, પરંતુ ઓટો ટેક કંપનીઓ માટેનું ફંડિંગમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ડેટા અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૧૦ મહિના દરમિયાન આ ઉદ્યોગે ૯૭ રાઉન્ડ્સમાં ૧.૩ બિલિયન ડોલર એકત્ર કર્યા છે. આ આંકડો સમગ્ર વર્ષ ૨૦૨૫ દરમિયાન થયેલા ૧૯૫ રાઉન્ડ્સમાં એકત્ર કરાયેલા ૨.૧ બિલિયન ડોલરની સરખામણીએ ઓછો છે.

## કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૧૦ મહિનામાં આ ઉદ્યોગે ૯૭ રાઉન્ડ્સમાં ૧.૩ બિલિયન ડોલર એકત્ર કર્યાઃ બેંગલુરુ સૌથી વધુ ફંડિંગ મેળવનારું શહેર

ડેટા ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ટ્રેક્સનના ડેટા અનુસાર, હવે માત્ર બે મહિના બાકી હોવાથી, તે ૨૦૨૫ના આંકડાને વટાવી જાય તેવી શક્યતા ઓછી છે. ૨૦૨૧માં ૩.૧ બિલિયન ડોલરની ટોચને સ્પર્શ્યા બાદ આ ક્ષેત્રમાં સતત ઘટાડો જોવા મળશે.

૨૦૨૬માં ઓટો ટેક ક્ષેત્રે બેંગલુરુ સૌથી વધુ ફંડિંગ મેળવનારું શહેર રહ્યું હતું, જેણે ૮૯૪ મિલિયન ડોલર એકત્ર કર્યા હતા, જે કુલ ફંડિંગના ૭૦ ટકા જેટલું થાય છે. ત્યારબાદ દિલ્હી અને મુંબઈએ પ્રત્યેકે ૧૦૭ મિલિયન ડોલર અને ગુરુગ્રામે ૬૩ મિલિયન ડોલર મેળવ્યા હતા.



ઓટો ટેક સેક્ટરમાં એવી કંપનીઓનો સમાવેશ થાય છે જે ડીલરો જેવા હિતધારકોને સોફ્ટવેર પૂરા પાડે છે. આમાં ઈલેક્ટ્રિક વાહન સોલ્યુશન્સ, ઓટોનોમસ ડ્રાઈવિંગ, કનેક્ટેડ વ્હીકલ ટેકનોલોજી, હાઈપરલૂપ અને ફ્લાઈંગ કારનો સમાવેશ થાય છે.

૨૦૨૬માં ભારતના ઓટોટેક ઉદ્યોગ દ્વારા એકત્ર કરાયેલી મોટાભાગની મૂડી ગણ્યા-ગાંઠ્યા મોટા, લેટર-સ્ટેજ (પાછળના તબક્કાના) રાઉન્ડ્સમાંથી આવી હતી.

સુનિકોર્ન (ટૂંક સમયમાં યુનિકોર્ન બનનારી કંપનીઓ)ની યાદીમાં સામેલ કેટલીક કંપનીઓએ ફંડ એકત્ર કર્યું હતું, અને અહેવાલ મુજબ આ સમયગાળા દરમિયાન કોઈ નવું યુનિકોર્ન નોંધાયું નથી.

ભારતના ઓટો ટેક સેક્ટરના આંકડા મુખ્યત્વે ત્રણ મોટા રાઉન્ડ્સ દ્વારા સંચાલિત હતા, જેમાં રેપિડોના ૨૪૦ મિલિયન ડોલર સિરીઝ F મોખરે હતું, ત્યારબાદ સિમ્પલ એનર્જીના ૧૮૦ મિલિયન ડોલર સિરીઝ C અને રાઈડરાઈવરના ૧૦૨ મિલિયન ડોલર સિરીઝ Cનો સમાવેશ થાય છે.

૨૦૨૫માં પાંચ એક્વિઝિશન અને છ આઈપીઓની સરખામણીએ ૨૦૨૬માં ઓટો ટેક ઉદ્યોગમાં ચાર એક્વિઝિશન અને ત્રણ આઈપીઓ નોંધાયા હતા.

આ ડેટા ચાલુ વર્ષે ૧ જાન્યુઆરીથી ૧૫ ઓક્ટોબર સુધી ભારતના ઓટો ટેક ઈકોસિસ્ટમમાં ફંડિંગ, યુનિકોર્ન, એક્વિઝિશન અને પબ્લિક લિસ્ટિંગને આવરી લે છે.

## હવાઈ ભાડામાં ૭૦% સુધીનો વધારો

# આ વખતે દિવાળી સમયે ફ્લાઈટ ટિકિટ માટે વધુ પૈસા ખર્ચવા પડશે

અમદાવાદ, તા. ૨૦

દિવાળી અને અન્ય તહેવારો માટે ઘરે જવાની યોજના બનાવી રહેલા લોકોને આ વખતે ફ્લાઈટ ટિકિટ પર વધુ ખર્ચ કરવો પડશે. એરલાઈન્સ કંપનીઓ સામાન્ય રીતે તહેવારો દરમિયાન વધતા મુસાફરોના ટ્રાફિકને સમાવવા માટે તેમની ફ્લાઈટ્સ અને બેઠક ક્ષમતામાં વધારો કરે છે, પરંતુ આ વર્ષે પરિસ્થિતિ અલગ છે. દેશની બે મોટી એરલાઈન્સ, ઈન્ડિગો અને એર ઈન્ડિયાએ ગયા વર્ષની સરખામણીમાં તેમની બેઠક ક્ષમતા ઘટાડી છે. આમ વધતી માંગ વચ્ચે તેના કારણે હવાઈ ભાડા પર દબાણ વધ્યું છે.

એવિએશન એનાલિટિક્સ ફર્મ OAGના ડેટા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૬માં ઈન્ડિગોની કુલ બેઠક ક્ષમતા આશરે ૧.૩૧ કરોડ છે. જે ગયા વર્ષ કરતાં ૦.૨% ઓછી છે. દરમિયાન, એર ઈન્ડિયાએ તેની સીટ ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. ઓક્ટોબરમાં કંપની પાસે આશરે ૩૩ લાખ બેઠકો હતી, જે ગયા વર્ષ કરતાં ૪.૭૮ લાખ ઓછી છે. સ્પાઈસજેટે તેની સીટ ક્ષમતામાં સૌથી વધુ ૩૮.૮% અથવા લગભગ ૨.૪૧ લાખનો ઘટાડો કર્યો છે. બીજી તરફ, અકાસા એર એકમાત્ર એરલાઈન રહી છે જેણે તેની ક્ષમતામાં ૩૫.૬% વધારો કર્યો છે.

તહેવારો દરમિયાન, ફ્લાઈટ ટિકિટની માંગ ઝડપથી વધે છે. પરંતુ આ વખતે, સીટો વધારવાને બદલે, એરલાઈન્સે



તેમાં ઘટાડો કર્યો છે. પરિણામે, મુસાફરોને વધુ મોંઘી ટિકિટ ખરીદવી પડી રહી છે. વધુમાં, ઉડ્ડયન ઈંધણ (એટીએફ)ના ઊંચા ભાવ, વૈશ્વિક તણાવ અને ડોલર સામે રૂપિયાના નબળા પડવાથી પણ એરલાઈન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. આ મહિને, ઈન્ડિગોએ વધતા ઈંધણના ભાવને કારણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર ઈંધણ સરચાર્જમાં સુધારો કર્યો છે.

અહેવાલો અનુસાર, તહેવારોની માંગમાં વધારો થવાને કારણે કેટલાક ડોમેસ્ટિક રૂટ પર હવાઈ ભાડામાં ૭૦% સુધીનો વધારો જોવા મળ્યો છે. વધતા હવાઈ ભાડાનો મુદ્દો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. કેન્દ્ર સરકારે કોર્ટને જાણ કરી છે કે ભારતીય વિમાન અધિનિયમ, ૨૦૨૪ હેઠળના નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને બે અઠવાડિયામાં પ્રકાશિત કરવામાં આવશે.

## ATFના ઊંચા ભાવના કારણે ઓપરેટીંગ ખર્ચમાં વધારો થતાં એરલાઈન્સ કંપનીઓએ બેઠક ક્ષમતા ઘટાડી

# રૂપિયાની નબળાઈને પરિણામે કોલસાની આયાત વધારવાની યોજના પડતી મુકાઈ

મુંબઈ, તા. ૨૦

દેશના કોલસા આધારિત વીજ પ્લાન્ટસ ખાતે ઘટી રહેલા કોલસાના સ્ટોકસને વધારવા કોલસાની આયાત વધારવાની દરખાસ્તને સરકારે પડતી મૂકી હોવાનું જાણવા મળી રહ્યું છે. આયાતી કોલસાને ઘરેલુ કોલસા સાથે મિકસ કરી ઉત્પાદનમાં વાપરવા વીજ કંપનીઓને સૂચના આપવાની સરકારની યોજના હતી.

## ઘરઆંગણે કોલસાનું ઉત્પાદન વધારી પૂરવઠામાં ઝડપ લાવવા નિર્દેશ

જો કે તાજેતરમાં કોલસાના વૈશ્વિક ભાવમાં ઉછાળા ઉપરાંત રૂપિયાની નબળાઈને કારણે કોલસાની આયાત મોંઘી પડી રહી હોવાનું જણાતા સરકારે પોતાની યોજના પડતી મૂકવી પડી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

આ યોજના પડતી મૂકી સરકારી ઉપક્રમ કોલ ઈન્ડિયામાં ઉત્પાદન વધારવા તથા રેલવે મારફત કોલસાના પૂરવઠાને ઝડપી બનાવવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

વર્તમાન વર્ષમાં ચોમાસુ નબળુ રહેતા અને તાપમાન ઊંચુ રહેતા વીજ માગમાં વધારો થયો છે જેને પરિણામે વીજ પ્લાન્ટસ ખાતે કોલસાનો સ્ટોકસ પાંચ વર્ષની નીચી સપાટીએ જોવા મળ્યો હતો.

વરસાદ પણ સરેરાશ કરતા નીચો રહેતા હાઈડ્રોપાવર પ્લાન્ટસ ખાતે પણ ઉત્પાદન પર અસર પડી છે જ્યારે વીજ



માગમાં સતત વધારો થઈ રહ્યો છે.

દેશના પચાસ ટકા કોલસા આધારિત વીજ પ્લાન્ટસ ખાતે કોલસાનો સ્ટોકસ નીચી સપાટીએ પહોંચી ગયો છે અને આવશ્યકતાના ૨૫ ટકાથી પણ નીચે જોવાઈ રહ્યો છે. દેશના અનેક ભાગોમાં હજુ શિયાળો બેઠો નહીં હોવાથી કુલિંગ માટે વીજની માગ ઊંચી રહ્યા કરે છે.

આગામી દિવસોમાં કોલસાનો પૂરવઠો વધારવામાં નહીં આવે તો વીજ સંકટ ઊભુ થવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે.

ઓકટોબરના બીજા પખવાડિયામાં કોલસા આધારિત વીજ પ્લાન્ટસ ખાતે કોલસાનો સ્ટોકસ ૫.૭૨ કરોડ ટનની આવશ્યકતા સામે ૧.૮૨ કરોડ ટન રહ્યો હતો એમ સેન્ટ્રલ ઈલેકટ્રિસિટી ઓથોરિટીના ડેટામાં જણાવાયું હતું.

નીચા સ્ટોકસને કારણે ૭૯ પ્લાન્ટસ ખાતે સ્ટોકનું સ્તર ચિંતાજનક નીચી સપાટીએ રહ્યું હતું. વીજ પ્લાન્ટો ખાતે મુખ્ય પડકાર પૂરવઠા ઉપરાંત કોલસાનો બફર સ્ટોક ઊભો કરવા બાબતનો પણ રહ્યો હોવાનું એક વીજ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન વર્ષના એપ્રિલથી ઓગસ્ટના ગાળામાં કોલસાનો વપરાશ વાર્ષિક ધોરણે ૮ ટકા વધી ૩૯.૫૦ કરોડ ટન રહ્યાનું પણ અગાઉ એક અહેવાલમાં જણાવાયું હતું.

# ઓટો વેચાણની દ્રષ્ટિએ નવરાત્રી પ્રોત્સાહક રહી હોવાના સંકેત

મુંબઈ, તા. ૨૦

ગયા વર્ષની જેમ વર્તમાન વર્ષની નવરાત્રી પણ વાહનોના વેચાણની દ્રષ્ટિએ પ્રોત્સાહક રહી હોવાનું પ્રારંભિક ડેટા જણાવી રહ્યા છે. ૨૦૨૫માં નવરાત્રી સમયે જ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં ઘટાડાને પરિણામે નવરાત્રી દરમિયાન વાહનોના વેચાણમાં જંગી વધારો જોવાયો હતો.

## ટુ વ્હીલર્સ, તથા ઊતારૂ વાહનોના વેચાણમાં વૃદ્ધિ

ગયા વર્ષથી વાહનોના વેચાણમાં જોવા મળી રહેલો વધારો એક વર્ષ પછી પણ ચાલુ હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાઈ રહ્યું છે. પ્રાપ્ત આંકડા પ્રમાણે નવરાત્રીના પ્રથમ સપ્તાહમાં ટુ વ્હીલર્સના વેચાણમાં ૨૦૨૫ની નવરાત્રીના પ્રથમ સપ્તાહની સરખામણીએ ૨૩ ટકા જેટલો વધારો થયો છે. ઊતારૂ વાહનોના વેચાણમાં સાત ટકા વૃદ્ધિ જોવા મળી છે. ગયા વર્ષની નવરાત્રીના વેચાણ આંક ઊંચા રહ્યા હોવા છતાં વર્તમાન વર્ષની નવરાત્રીમાં ટુ વ્હીલર્સના વેચાણ આંક ઊંચા જોવા મળી રહ્યા છે.

વર્તમાન વર્ષની નવરાત્રીમાં ટુ વ્હીલર્સ ઉપરાંત ટ્રકસ તથા ઊતારૂ વાહનોની ખરીદીમાં આકર્ષણ રહ્યું હોવાનું ઉદ્યોગના સુત્રો જણાવી રહ્યા છે.

છેલ્લા બે વર્ષમાં નવરાત્રી દરમિયાન ટુ વ્હીલર્સના વેચાણમાં ૨૦૨૪ની સરખામણીએ વાર્ષિક ૧૭ ટકા ચક્રવૃદ્ધિ જોવા મળી છે. ઊતારૂ વાહનનો આ આંક ૧૦ ટકા રહ્યો છે.

ટ્રકસના વેચાણમાં નવરાત્રી દરમિયાન વાર્ષિક ધોરણે ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. વાહન શ્રેણીમાં સૌથી વધુ વધારો ટ્રકસનો રહ્યો છે. આ ઉપરાંત ટ્રેકટરના રજિસ્ટ્રેશનમાં પણ ૨૮ ટકા વધારો થયો છે.

## AIની તેજીથી ફુગાવામાં વધારો : ફેડરલ

અમદાવાદ, તા. ૨૦

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની તેજી ફુગાવો વધારવામાં ભૂમિકા ભજવી રહી હોવાનું ફેડરલ રિઝર્વ દ્વારા સ્વીકારવામાં આવી રહ્યું છે. આ કારણે કેન્દ્રીય બેન્કરો સામે પડકાર ઊભો થયો છે, જેથી ભાવવધારાના દબાણને ઘટાડી શકાય. એમેઝોન, એપલ અને એન્થ્રોપિક જેવા અગ્રણી નામો ધરાવતો આ ઉદ્યોગ વ્યાજદર વધારાની અસરોથી મુક્ત (અપ્રભાવિત) માનવામાં આવે છે. ફેડના અધિકારીઓ જાણે છે કે ધિરાણ ખર્ચ (વ્યાજદર) વધારવાનું તેમનું પગલું અર્થતંત્ર પર સમાન અસર કરતું નથી.

# કેલેન્ડર વર્ષના ત્રીજા કવાર્ટરમાં સ્માર્ટફોન શિપમેન્ટમાં ૨૬%નો ઘટાડો

અમદાવાદ, તા. ૨૦

કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં (Q૩ CY૨૬) ભારતના સ્માર્ટફોન શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૨૬ ટકાનો ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને ૩.૫૬ કરોડ (૩૫.૬ મિલિયન) યુનિટ્સ પર આવી ગયું છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૬ પછીનો આ સૌથી તીવ્ર ઘટાડો છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૬ના ત્રીજા ક્વાર્ટરમાં સ્માર્ટફોન શિપમેન્ટ રેકોર્ડબ્રેક નીચલા સ્તરે ૩.૨ કરોડ (૩૨ મિલિયન) યુનિટ્સ પર ઉતરી આવ્યું હતું.

## ૨૦૨૬ના અંત સુધીમાં સ્માર્ટફોન શિપમેન્ટ ૧૩.૩ કરોડ યુનિટ્સ આસપાસ રહેશે

તહેવારોની સિઝન શરૂ થઈ હોવા છતાં આ ઘટાડો જોવા મળ્યો છે, કારણ કે મેમરીના વધતા ભાવોને લીધે ઉત્પાદકોને હેન્ડસેટની કિંમતો વધારવાની ફરજ પડી હતી. દેશની ટોચની પાંચેય સ્માર્ટફોન બ્રાન્ડ્સના શિપમેન્ટમાં ઘટાડો જોવા મળ્યો છે.

ઓમડિયાના ડેટા અનુસાર, એપલના આઈફોન શિપમેન્ટમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટર દરમિયાન વાર્ષિક ધોરણે ૨૦ ટકાનો ઘટાડો થયો છે, જે ૪૯ લાખ (૪.૯ મિલિયન)થી ઘટીને ૩૯ લાખ (૩.૯ મિલિયન) યુનિટ્સ થઈ ગયું છે.

ટોચની પાંચ બ્રાન્ડ્સમાં સેમસંગ



અપવાદરૂપ રહ્યું હતું, જેના શિપમેન્ટમાં એક વર્ષ અગાઉના ૬૮ લાખ (૬.૮ મિલિયન)ની સરખામણીએ સૂચિત સમયમાં માત્ર ૧ ટકાનો નજીવો ઘટાડો થયો અને તે ૬૭ લાખ (૬.૭ મિલિયન) યુનિટ્સ રહ્યું હતું.

બજારના જાણકારોએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બર મહિનો, જે ઐતિહાસિક રીતે મોટા ઓનલાઈન સેલ માટે ઈન્વેન્ટરી તૈયાર કરવાનો મહત્વપૂર્ણ સમય ગણાય છે, તેમાં શિપમેન્ટની ગતિ ઘણી નબળી જોવા મળી હતી. ખૂબ ઓછા એક્સક્લુઝિવ લોન્ચ, મર્યાદિત સ્ટોક-કીપિંગ યુનિટ્સ અને પ્રોમોશનલ ઓફર્સમાં ઓછો તફાવત હોવાને કારણે ઓનલાઈન ચેનલ્સનો પરંપરાગત તહેવારી ફાયદો ઘટી ગયો હતો.

ડેટા અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા ૧૫.૩ કરોડ (૧૫૩ મિલિયન) યુનિટ્સની સરખામણીએ, કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં ભારતમાં સ્માર્ટફોન શિપમેન્ટ ૧૩.૨ થી ૧૩.૩ કરોડ (૧૩૨-૧૩૩ મિલિયન) યુનિટ્સ રહેવાની ધારણા છે.

# ક્રૂડતેલ ઉછળી ૧૧૨ ડોલર નજીક પહોંચ્યું સોના- ચાંદીમાં વિશ્વબજાર પાછળ ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

વિવિધ પ્રતિકૂળ અહેવાલો પાછળ આજે વૈશ્વિક બજારમાં કિંમતી ધાતૂઓમાં પીછેહઠ થતાં તેની સીધી અસર સ્થાનિક સોના-ચાંદી બજાર પર જાવાઈ હતી.આજે અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ઘટી રૂ.દોઢ લાખની અંદર ઉતરી ૯૯૫ના ભાવ રૂ.૧૪૯૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૯૫૦૦ બોલાયા હતા. જ્યારે ચાંદીના ભાવ ઘટી રૂ.૨૧૧૦૦૦ રહ્યા હતા.

## અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ઘટી રૂ.દોઢ લાખની સપાટીની અંદર ઉતરી ગયા

મુંબઈ ઝવેરીબજાર આજે દશેરા નિમિત્તે સત્તાવાર બંધ રહી હતી. વિશ્વબજારના સમાચાર કિંમતી ધાતુઓમાં પીછેહટ બતાવી રહ્યા હતા. વિશ્વબજાર ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરતાં બજાર ભાવ પર તેની ઈમ્પેક્ટ જોવા મળી હતી. વિશ્વબજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૪૧૭૫થી ૪૧૭૬ ડોલરવાળા ઘટી નીચામાં ભાવ ૪૧૧૧ થઈ ૪૧૨૨થી ૪૧૨૩ ડોલર રહ્યાના સમાચાર હતા. દરમિયાન, વિશ્વબજાર પાછળ મુંબઈ બુલીયન બજારમાં આજે બંધ જારે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૪૫૩૬૦ વાળા રૂ.૧૪૪૨૦૦ બોલાતા થયા હતા જ્યારે ૯૯૯ના રૂ.૧૪૫૯૪૪ વાળા રૂ.૧૪૪૮૦૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોના રૂ.૨૦૮૭૫૦ વાળા આજે ઘટી ભાવ રૂ.૨૦૭૫૫૦ રહ્યા હતા. વિશ્વબજારમાં સોના પાછળ અન્ય કિંમતી ધાતુઓના ભાવમાં પણ આજે પીછેહટ દેખાઈ હતી. ચાંદીના ભાવ ઔંશના ૫૭.૭૪થી ૫૭.૭૫ વાળા ભાવ ઘટી નીચામાં ૫૬.૩૯ થઈ ૫૭.૧૭થી ૫૭.૧૮ ડોલર રહ્યા હતા.

વૈશ્વિક પ્લેટીનમના ભાવ ૧૬૪૩ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૧૧૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૦૮ ટકા માઈન્સમાં રહ્યા હતા. જોકે વિશ્વબજારમાં આજે ક્રૂડતેલના ભાવ ઝડપી ઉછળી ઉંચામાં ભાવ બેરલના ૧૧૨ ડોલર નજીક પહોંચી જતાં વિશ્વના વિવિધ બજારોના ખેલાડીઓમાં અજંપો પણ વધ્યાના વાવડ મળ્યા હતા. બ્રેન્ટક્રૂડતેલના ભાવ બેરલના ૧૦૮.૬૨ વાળા ઉંચામાં ભાવ ૧૧૧.૭૫ થઈ ૧૧૧.૬૭ ડોલર રહ્યા હતા.

યુએસ ક્રૂડના ભાવ બેરલદીઠ ૧૦૧.૩૩ વાળા ઉંચામાં ભાવ ૧૦૯.૬૦ ડોલર રહ્યા હતા. બંને ક્રૂડ વચ્ચેનો ભાવ તફાવત ઘટ્યો હતો. અમેરિકામાં ક્રૂડતેલનો વ્યુહાત્મક સ્ટોક ઘટી ૨૮૨૭ લાખ બેરલ્સ થતાં ૧૯૮૨ પછીનો નવા રેકોર્ડ તળીયે આવો સ્ટોક ઉતરી ગયો હોવાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૧.૯૮ તથા નીચામાં ૧૦૧.૭૪થઈ ૧૦૧.૮૯ રહ્યાના સમાચાર હતા. બ્રિટનમાં બેરોજગારીનો દર ઘટી ૧૨ મહિનાના તળીયે ઉતરતાં વિશ્વબજારમાં આશ્ચર્ય સર્જાયું હતું. મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે ડોલરના ભાવ રૂ.૯૪.૯૪ આસપાસ બોલાઈ રહ્યા હતા.

# NSE, BSEમાં ૮, નવેમ્બરે બપોરે ૨:૨૦ વાગ્યે ખાસ દિવાળી મૂહુર્ત ટ્રેડિંગ સત્ર યોજાશે

મુંબઈ તા.૨૦

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)માં આ વર્ષે દિવાળીના દિવસે ૮, નવેમ્બર ૨૦૨૬ના રોજ મૂહુર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૨:૨૦ વાગ્યાથી શરૂ થશે અને ૩:૩૦ વાગ્યે બંધ થશે. એનએસઈ દ્વારા જારી કરાયેલા સર્કયુલર મુજબ આ ખાસ મૂહુર્ત ટ્રેડિંગ સત્ર રવિવારે દિવાળીના દિવસે ૨:૨૦ વાગ્યે શરૂ થશે. જે શેરો ક્લોઝિંગ ઓક્શન સેશન (સીએએસ) હેઠળ છે, એમાં કન્ટીન્યુઅસ ટ્રેડિંગ બપોરે ૩:૧૫ વાગ્યા સુધી ચાલુ રહશે. ત્યાર બાદ ક્લોઝિંગ ઓકશન યોજાશે, જ્યારે અન્ય શેરોમાં ટ્રેડિંગ ૩:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે.

ઈક્વિટી ફયુચર્સ અને ઓપ્શન્સમાં ટ્રેડિંગ બપોરે ૨:૨૦થી ૩:૪૦ વાગ્યા સુધી યોજાશે. એનએસઈ પર ટ્રેડ મોડિફિકેશન-સુધારાનો સમય કેશ માર્કેટ માટે સાંજે ૪:૧૫ વાગ્યાનો અને ઈક્વિટી ડેરિવેટીઝ માટે ૩:૫૦ વાગ્યાનો રહેશે.

# RBIએ VRR ઓક્શન થકી રૂપિયા ૧ લાખ કરોડની પ્રવાહિતા ઊભી કરી

મુંબઈ તા.૨૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બેંકિંગ સિસ્ટમમાં વધારાની રોકડની ઉપલબ્ધતામાં નોંધપાત્ર ઘટાડો થતાં રૂ.એક લાખ કરોડની સાત દિવસની વેરિએબલ રેટ રિવર્સ રેપો (વીઆરઆરઆર) ઓક્શન યોજ્યું હતું. આ કામગીરી દ્વારા બેંકિંગ વ્યવસ્થામાં નાણાંનો પુરવઠો વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## આ પગલું તાજેતરના મહિનાઓમાં રિઝર્વ બેંક દ્વારા અપનાવાયેલી વધારાની રોકડ પાછી ખેંચવાની નીતિથી વિપરીત

આ પગલું તાજેતરના મહિનાઓમાં આરબીઆઈ દ્વારા અપનાવવામાં આવેલી



વધારાની રોકડ શોષવાની નીતિથી વિપરીત છે. આરબીઆઈએ બેંકિંગ વ્યવસ્થામાં નાણાંનો પુરવઠો વધારવા માટે છેલ્લે ૨૯, જુલાઈ ૨૦૨૬ના રોજ વીઆરઆર ઓક્શન યોજ્યુ હતું. ત્યાર બાદ રિઝર્વ બેંકે કેશ ઘટાડવા માટેના પગલાં અપનાવ્યા હતા. ૬, ઓગસ્ટથી આરબીઆઈએ વેરિએબલ રેટ રેપો (વીઆરઆરઆર) ઓક્શન્સ દ્વારા બેંકિંગ વ્યવસ્થામાં રહેલી વધારાની રોકડ શોષવાનું શરૂ કર્યું હતું. આ કામગીરી પાછળનું મુખ્ય કારણ બેંકો દ્વારા આરબીઆઈ આરબીઆઈની મર્યાદિત સમયગાળાની સ્વોપ વિન્ડો હેઠળ એકત્ર કરવામાં આવેલી એફસીએનઆર (બી) થાપણો હતી.

આ સુવિધા ૮, જૂનથી ૩૧, ઓગસ્ટ સુધી ઉપલબ્ધ હતી. તેના પરિણામે બેંકિંગ વ્યવસ્થામાં વધારાની રોકડનો પ્રવાહ આવ્યો હતો. હવે આ વધારાની કેશમાં ઘટાડો થતાં આરબીઆઈએ નવી વીઆરઆર ઓક્શન દ્વારા બેંકોને નાણા ઉપલબ્ધ કરાવવાની દિશામાં પગલું ભર્યું છે. સોમવારે યોજાયેલી સાત દિવસની હરાજીમાં આરબીઆઈને રૂ.એક લાખ કરોડની નિર્ધારિત રકમ સામે કુલ રૂ.૧,૫૦,૭૩૫ કરોડની દરખાસ્તો મળી હતી. તેમાંથી આરબીઆઈએ રૂ.૧,૦૦,૦૧૪ કરોડની દરખાસ્તો સ્વીકારી હતી.

## ભારત-અમેરિકા ટ્રેડ ડિલની અપેક્ષાએ ગિફ્ટ નિફ્ટીમાં મજબૂતી

# યુરોપના દેશોમાં તોફાનો અને ક્રુડ ઓઈલના ભાવમાં ભડકો : વૈશ્વિક શેરબજારોમાં ફરી કડાકો

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

ભારતીય શેર બજારો આજે દશેરાના તહેવાર નિમિતે બંધ રહ્યા હતા. જ્યારે વૈશ્વિક શેર બજારોમાં આજે ક્રુડ ઓઈલના ભાવમાં ભડકા પાછળ કડાકો બોલાતા અને યુરોપના દેશોમાં તોફાનોના પરિણામે ગાબડાં પડ્યા હતા. અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોમાં ડિઝલ સહિતની ઈંધણની અછત સર્જાવા લાગતાં પેટ્રોલ, ડિઝલના ભાવમાં વધારો અને બીજી તરફ હોર્મુઝ માર્ગે ક્રુડ ઓઈલનો પુરવઠો અને અન્ય ચીજોનો વેપાર થંભી ગયાના અને ટૂંક સમયમાં આ માર્ગે વહન ફરી શરૂ થવાની શક્યતા નહીંવત હોવાનું અહેવાલોની નેગેટીવ અસરે આજે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવ બ્રેન્ટના ૧૧૨ ડોલરની સપાટી અને નાયમેક્ષ ક્રુડના ૧૦૦ ડોલરની સપાટી પાર કરી જતાં વૈશ્વિક ફફડાટ ફેલાયો હતો.

### એશીયા દેશોના બજારોમાં કડાકો : જાપાનનો નિક્કી ૧૦૪૨ પોઈન્ટ તૂટ્યો : કોસ્પી ૨૧૫ પોઈન્ટ ગબડ્યો

એશીયા-પેસેફિક દેશોના બજારોમાં પણ વ્યાપક ખાનાખરાબી જોવાઈ હતી. જાપાનના ટોક્યો શેર બજારનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ ૧૦૪૨ પોઈન્ટ તૂટીને ૬૩૮૭૫, હોંગકોંગનો હેંગસેંગ ૩૨૯ પોઈન્ટ ગબડીને ૨૩૮૫૮, તાઈવાનનો તાઈવાન વેઈટેજ ઈન્ડેક્સ ૫૨૯ પોઈન્ટ ગબડીને ૪૬૨૯૩, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૨૧૫ પોઈન્ટ તૂટીને ૫૫૫૩ રહ્યા હતા. જ્યારે ચાઈનાનો શાંઘાઈ કોમ્પોઝિટ પાંચ પોઈન્ટનો સુધારો બતાવતો હતો. ઈન્ડોનેશિયાના શેર બજારોમાં એમએસસીઆઈના એક્શન બાદ બે દિવસમાં ૧૫ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે ચારથી પાંચ ટકાની રિકવરી જોવાઈ હતી. એમએસસીઆઈ ઈન્ક. દ્વારા ઈન્ડોનેશિયાના શેરોમાં બે સ્ટેપ ડાઉનગ્રેડની શકયતાને ખાળવા સત્તાવાળાઓએ પગલાં લેતા આજે જાકાર્તા કોમ્પોઝિટ ઈન્ડેક્સ ચાર ટકા જેટલો વધી આવ્યો હતો.

### યુરોપમાં ફ્રાંસ, ઈટાલી સહિતના દેશોમાં અશાંતિએ સેન્ટીમેન્ટ વધુ નેગેટીવ બન્યું

યુરોપના દેશોમાં ફ્રાંસ, ઈટાલી સહિતના દેશોમાં મોંઘવારી બેફામ બનતાં અને ભ્રષ્ટાચારને લઈ લોકોનો રોષ તોફાનોમાં પરિવર્તિત થવા લાગતાં અને ઘણા શહેરોમાં કર્ફયુ લાદવાની ફરજ પડતાં વૈશ્વિક બજારોમાં યુરોપના બજારોનું સેન્ટીમેન્ટ વધુ ડહોળાયું હતું. ફ્રાંસનો કેક ૪૦ ઈન્ડેક્સ સાંજે ૬૪ પોઈન્ટનો ઘટાડો બતાવતો હતો. જ્યારે લંડન શેર બજારનો ફુત્સી ૬૧ પોઈન્ટનો ઘટાડો અને જર્મનીનો ડેક્ષ ૧૮૦ પોઈન્ટનો ઘટાડો બતાવતા હતા.

### ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડિલ અંતિમ તબક્કામાં રૂબિયોના નિવેદન વચ્ચે ગિફ્ટ નિફ્ટીમાં મજબૂતી

અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોની ભારત મુલાકાત યોજાઈ રહી હોઈ અને રૂબિયોએ ભારતને રિફાઈનીંગ સુપરપાવર કહી ભારત માટે વેનેઝુએલાનું વધુ ક્રુડ ઓઈલ પ્રોસેસ માટે ઉપલબ્ધ હોવાનું નિવેદન કરતાં અને ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડિલ અંતિમ તબક્કામાં હોવાના કરેલા નિવેદનની અને ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ટ્રેડ ડિલ અમલી બનતા પોઝિટીવ અસર જોવાઈ રહી છે. આ સાથે રિલાયન્સ ગ્રુપ કંપની જિયો પ્લેટફોર્મ્સનો મેગા આઈપીઓ આજે-બુધવારે ૨૧, ઓકટોબરના ખુલી રહ્યો હોઈ અને આઈપીઓ પબ્લિક માટે ખુલતા પૂર્વે એન્કર ઈન્વેસ્ટરોના જંગી પ્રતિસાદને લઈ પણ સેન્ટીમેન્ટ પોઝિટીવ બતાવાઈ રહ્યું હતું. ગિફ્ટ નિફ્ટી ઈન્ડેક્સ સાંજે ૩૫થી ૪૦ પોઈન્ટની મજબૂતી બતાવી રહ્યો હતો.

## જાપાનનો નિક્કી ૧૦૪૨, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૨૧૫, તાઈવાન વેઈટેજ ૮૨૯ પોઈન્ટ તૂટ્યા : અશાંતી વચ્ચે યુરોપના બજારો પણ ગબડ્યા

# ચીનનો આર્થિક વિકાસ દર ૪.૫૦ ટકા સાથે અપેક્ષા કરતા સારો રહ્યો

મુંબઈ, તા. ૨૦

વર્તમાન વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ચીનનો આર્થિક વિકાસ દર ૪.૫૦ ટકા સાથે અપેક્ષા કરતા સારો રહ્યો છે. નિકાસમાં મજબૂતાઈને કારણે આર્થિક વિકાસ દરમાં વધારો જોવા મળ્યો હોવાનું ચીનના સત્તાવાળા દ્વારા જારી રિપોર્ટમાં જણાવાયું હતું.

## વર્તમાન સંપૂર્ણ વર્ષમાં આર્થિક વિકાસ દરનો ટાર્ગેટ ૪.૫૦ ટકાથી પાંચ ટકાની વચ્ચે રખાયો

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં જીડીપી અપેક્ષા કરતા સારો રહેતા ૨૦૨૬ના સંપૂર્ણ વર્ષ માટેના જીડીપી ટાર્ગેટની ચીન નજીક આવી ગયું છે. જૂન ત્રિમાસિકમાં આર્થિક વિકાસ દર ૪.૩૦ ટકા રહ્યો હતો, જે ત્રણ વર્ષની નીચી સપાટીએ હતો.

વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં આર્થિક વિકાસ દર ૪.૬૦ ટકા રહ્યો છે. વર્તમાન સંપૂર્ણ વર્ષમાં આર્થિક વિકાસ દરનો ટાર્ગેટ ૪.૫૦ ટકાથી પાંચ ટકાની વચ્ચે રખાયો છે. ૨૦૨૫માં આ આંક પાંચ ટકા રહ્યો હતો.નિકાસ મજબૂત રહી શકેછે, પરંતુ વૈશ્વિક વેપાર અવરોધો જોખમરૂપ રહેલા હોવાનું એક સ્થાનિક એનાલિસ્ટે જણાવ્યું હતું.

## બંધ રહેલ બજારો

અમદાવાદ, તા. ૨૦

આજે દશેરા પર્વને અનુલક્ષીને મુંબઈ શેરબજાર અને નેશનલ એક્સચેન્જ સત્તાવાર બંધ રહ્યા હતા. આજે હૂંડિયામણ બજાર તેમજ કોમોડિટી એક્સચેન્જ તેમજ મુંબઈ તથા અમદાવાદના આગેવાન બજારો બંધ રહ્યા હતા. આ ઉપરાંત મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી તેમજ અમદાવાદ જિલ્લાના માર્કેટયાડો પણ સત્તાવાર બંધ રહ્યા હતા.

## સોના-ચાંદી બજાર

**અમદાવાદ**

ચાંદી ચોરસા ૨૦૮૦૦૦-૨૧૧૦૦૦
ચાંદી રૂપુ ૨૦૭૮૦૦-૨૧૦૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૪૦૦-૨૭૦૦
સોનું (૯૯.૯) ૧૪૮૨૦૦-૧૪૯૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૭૯૦૦-૧૪૯૨૦૦
હોલમાર્ક ૧૪૬૫૧૦

**રાજકોટ**

ચાંદી ૨૧૦૪૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૫૨૦૦૦
સીકકા (૧ ગ્રામ) ૧૫૨૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૫૨૦૦

## છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૨૦૭૭૫૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૪૨૦૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૪૮૦૦
અમ. ચાંદી ૨૧૧૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૯૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૯૨૦૦

## રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૭૫
રાજકોટ મગફળી ૧૭૮૦-૧૭૯૦
સોનુ ૨૪ કેરેટ ૧૫૨૦૦૦
૧ કિલો ચાંદી ૨૧૦૪૦૦

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### નિષાદ કુમાર એક જ પેરા ગેમ્સમાં બે ગોલ્ડ જીતનારો ત્રીજો ભારતીય

# એશિયન પેરા ગેમ્સમાં ભારતીય ખેલાડીઓની કમાલ : પાંચ ગોલ્ડ સહિત વધુ ૨૪ મેડલ જીત્યા

નાગોયા, તા.૨૦

જાપાનમાં શરૂ થયેલી એશિયન પેરા ગેમ્સમાં ભારતના દિવ્યાંગ ખેલાડીઓએ ધમાકેદાર શરૂઆતને આગળ ધપાવતા બીજા દિવસે પાંચ ગોલ્ડ, છ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ એમ કુલ મળીને ૨૪ મેડલ જીતી લીધા હતા. નિષાદ કુમારે ટી-૪૭ કેટેગરીમાં લાંબી કૂદ બાદ ઊંચી કૂદમાં પણ ગોલ્ડ મેડલ જીતવાની સાથે એક જ એશિયાડમાં બે મેડલ જીતનારા ભારતના શીતલ દેવી અને અંકુર ધામા પછીનો ત્રીજો પેરા એથ્લીટ તરીકેનો રેકોર્ડ સર્જ્યો હતો. જ્યારે દેવેન્દર કુમારની સાથે રાકેશ અને પ્રદીપે એફ ૪૪ કેટેગરીની ચક્ર ફેંકની ઈવેન્ટમાં અનુક્રમે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ એમ ત્રણેય મેડલ જીતીને ક્લિન સ્વીપ કરી હતી.

ભારતે બીજા દિવસે તમામ પાંચ ગોલ્ડ મેડલ એથ્લેટિક્સમાં જીત્યા હતા. દીપ્તિ જીવન્જીએ ૪૦૦ મીટરની ટી૨૦ કેટેગરીની દોડમાં સતત બીજી ગેમ્સમાં ગોલ્ડ જીત્યો હતો. સિમરન કૌરે પ્રજ્ઞાચક્ષુ એથ્લીટ્સની ટી-૧૨ કેટેગરીમાં તેમજ પ્રણવ સૂરમાએ એફ ૫૧/૫૨/૫૨ ક્લાસની ચક્ર ફેંકની સ્પર્ધામાં ગોલ્ડ મેળવ્યો હતો.


નિષાદ કુમાર


દીપ્તિ જીવન્જી


સિમરન શર્મા અને તેજલ ઠાકોર

**મેડલ ટેબલ**

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ચીન | ૭૦ | ૪૪ | ૩૮ | ૧૫૨ |
| ઉઝબેકિસ્તાન | ૧૭ | ૨૧ | ૧૮ | ૫૬ |
| જાપાન | ૧૬ | ૨૦ | ૨૭ | ૬૩ |
| સા.કોરિયા | ૧૨ | ૯ | ૧૩ | ૩૪ |
| ઈરાન | ૧૦ | ૧૨ | ૧૬ | ૩૮ |
| ભારત | ૯ | ૧૧ | ૧૫ | ૩૫ |


પ્રણવ


રાકેશ, દેવેન્દર અને પ્રદીપ

**પેરા એથ્લેટિક્સમાં પાંચ ગોલ્ડ મેડલ જીતવાની સિદ્ધિ**

દીપ્તિ જીવન્જીએ ટી-૨૦ ક્લાસમાં ૪૦૦ મીટર દોડમાં ૫૬.૩૬ સેકન્ડના સમય સાથે નવો ગેમ્સ રેકોર્ડ સર્જતાં ગત એશિયાડમાં જીતેલો ગોલ્ડ જાળવી રાખ્યો હતો. નિષાદ કુમારે ટી-૪૭ કેટેગરીની ઊંચી કૂદમાં ૨.૦૪ મીટરની ઉંચાઈ ક્લિયર કરી ગોલ્ડ જીત્યો હતો. તે એક દિવસ પહેલા જ આ કેટેગરીમાં લાંબી કૂદમાં પણ ગોલ્ડ જીત્યો હતો. સીમરન શર્માએ ટી-૧૨ કેટેગરીની ૨૦૦ મીટરની દોડમાં ૨૪.૮૦ સેકન્ડ સાથે ગોલ્ડ મેળવ્યો હતો. ચક્ર ફેંકમાં પ્રણવ સૂરમાએ એફ૫૧/૫૨/૫૩ કેટેગરીમાં ૧૧.૬૬ મીટરના થ્રો સાથે ગોલ્ડ તેમજ દેવેન્દર કુમારે એફ૪૩/૪૪/૬૨/૬૪ કેટેગરીમાં ૭૮૧ રાઝા પોઈન્ટ સાથે ગોલ્ડ મેળવ્યો હતો.

**ટેબલ ટેનિસ, શૂટિંગ, પાવરલિફ્ટિંગ અને સ્વિમિંગમાં પણ મેડલ**

**એશિયન પેરા ગેમ્સમાં મનીષ નરવાલે ૧૦ મીટર એર પિસ્તોલની એસએચ૧ કેટેગરીમાં તેમજ અશોક મલિકે પાવરલિફ્ટિંગમાં ૬૫ કિગ્રા કેટેગરીમાં સિલ્વર જીત્યા હતા. પેરા ટેબલ ટેનિસમાં ગુજરાતના ભાવિના પટેલ અને સોનલ પટેલની સાથે પ્રાચી પાંડે, બેબી સહાના રવિ, જેહાન માડને પોતપોતાની કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. શૂટિંગમા સૃષ્ટી અરોરાને ૧૦ મીટર એર પિસ્તોલ એસએચ૧ કેટેગરીમાં અને સ્વિમીંગમાં હિમાંશુ નાંદલને ૪૦૦ મીટર ફ્રિસ્ટાઈલ એસ૧૧ તેમજ નિરંજન મુકુન્દનને ૨૦૦ મીટર મેડલી એસએમ૭ કેટેગરીમાં બ્રોન્ઝ મળ્યો હતો.**

**ગુજરાતની ત્રણ મહિલા પેરા ખેલાડી મેડલ જીતી : તેજલ ડામોર, ભાવિના પટેલ અને સોનલ પટેલને બ્રોન્ઝ**

નાગોયા : ગુજરાતની ત્રણ મહિલા પેરા ખેલાડીઓએ જાપાનમાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં મેડલ જીત્યા હતા. દાહોદના તેજલબેન ડામોરે પ્રજ્ઞાચક્ષુ એથ્લીટ્સ માટેની ટી૧૨ કેટેગરીમાં ૨૦૦ મીટરની દોડમાં ૨૫.૨૩ સેકન્ડના સમય સાથે કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ કરતાં બ્રોન્ઝ મેડલ જીતી લીધો હતો. જ્યારે પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા રહી ચૂકેલા ભાવિના પટેલને પેરા ટેબલ ટેનિસમાં કલાસ ૪/૫ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. તેમનો આ સતત ત્રીજી એશિયન પેરા ગેમ્સમાં ત્રીજો મેડલ છે. જ્યારે સોનલ પટેલે પેરા ટેબલ ટેનિસમાં કલાસ થ્રીની સિંગલ્સમાં બ્રોન્ઝ હાંસલ કર્યો હતો.


સોનલ અને ભાવિના

**પેરા એથ્લેટિક્સમાં ૯ સિલ્વર-બ્રોન્ઝ**

પ્રદીપ કુમાર અને આયુષ વર્માએ એફ૫૩/૫૪ કેટેગરીની ભાલા ફેંકની ઈવેન્ટમાં અનુક્રમે ૯૦૧ અને ૭૯૩ રાઝા પોઈન્ટ સાથે સિલ્વર-બ્રોન્ઝ જીત્યા હતા. આ ખેલાડીઓને ચેર પર બેસીને થ્રો કરવાનો હોય છે. રામ રતન સિંઘે એફ૫૧/૫૨/૫૩ કેટેગરીમાં ૧૦.૩૫ મીટરના થ્રો સાથે સિલ્વર મેળવ્યો હતો. રાકેશ કુમાર અને પ્રદીપ કુમારે ચક્ર ફેંકની એફ૪૩/૪૪/૬૨/૬૪ કેટેગરીમાં સિલ્વર-બ્રોન્ઝ મેળવ્યા હતા.

પ્રીતિ પાલે ટી૩૫ કેટેગરીની ૨૦૦ મીટરની દોડમાં ૨૯.૫૩ સેકન્ડના સમય સાથે સિલ્વર જીત્યો હતો. આ ઉપરાંત પ્રવિણ શર્માએ ગોળા ફેંકની એફ ૧૧, તેજલ ડામોરે ટી-૧૨ ૨૦૦ મીટર દોડ અને હોકોટા સેમાએ એફ૫૬/૫૭ કેટેગરીની ગોળા ફેંકની ઈવેન્ટમાં બ્રોન્ઝ મેળવ્યા હતા.

**ભારતને ૭ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ પણ મેળવ્યા : ભારતના દેવેન્દર, રાકેશ અને પ્રદીપે એફ૪૪ ચક્ર ફેંકમાં ત્રણેય મેડલ જીતી ક્લિન સ્વીપ કરી : ભારતના બે જ દિવસમાં ૩૫ મેડલ**



## ટીમ ઈન્ડિયાનું ન્યુઝીલેન્ડમાં આગમન : ૧૫ વર્ષનો વૈભવ અને ૩૬ વર્ષનો ભુવનેશ્વર સાથે રમતા જોવા મળી શકે

શ્રેયસ ઐયરની કેપ્ટન્સી હેઠળની ભારતની ટી-૨૦ ફોરમેટની ટીમ ન્યુઝીલેન્ડ પ્રવાસે આવી પહોંચી હતી. ન્યુઝીલેન્ડ પ્રવાસમાં ભારત ૨૨મી ઓક્ટોબરથી ૧લી ડિસેમ્બર દરમિયાન કુલ ૧૨ આંતરરાષ્ટ્રીય મેચ રમશે, જેમાં પાંચ ટી-૨૦, પાંચ વન ડે અને બે ટેસ્ટનો સમાવેશ થાય છે. ભારતીય ટીમ તરફથી આ પ્રવાસમાં ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીની સાથે ૩૬ વર્ષના ભુવનેશ્વર એક સાથે મેચમાં રમતા જોવા મળી શકે છે. ન્યુઝીલેન્ડના ક્રિકેટ બોર્ડના ટ્વિટર હેન્ડલ પરથી ભારતીય ટીમના આગમનની તસવીરો શેયર કરવામાં આવી હતી. શ્રેણીની પ્રથમ ટી-૨૦ તારીખ ૨૨મી ઓક્ટોબરે રમાવાની છે.

### ભારતીય ટીમ મેનેજમેન્ટને સલાહ

## બુમરાહને આવતા વર્ષના વર્લ્ડ કપ સુધી તમામ ફોર્મેટમાં ન રમાડો : રવિ શાસ્ત્રી

નવી દિલ્હી, તા.૨૦

ટીમ ઈન્ડિયાએ આવતા વર્ષે યોજાનારા વન ડે વર્લ્ડ કપ પહેલા બુમરાહને તમામ ફોર્મેટમાં રમાડવાનું ટાળવું જોઈએ તેવી સલાહ ભૂતપૂર્વ ક્રિકેટર અને જાણીતા કોમેન્ટેટર રવિ શાસ્ત્રીએ આપી છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કોચે એમ પણ કહ્યું કે, બુમરાહ ટીમ ઈન્ડિયાનો મહત્વનો ખેલાડી છે અને તેના વર્કલોડ પર વિશેષ ધ્યાન આપવાની જરુર છે. નોંધપાત્ર છે કે, પસંદગીકારોએ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં બુમરાહને માત્ર ટેસ્ટ ટીમમાં સમાવ્યો છે, પણ ટી-૨૦ અને વન ડેમાં તેને આરામ આપ્યો છે.





શાસ્ત્રીએ એક મુલાકાતમાં કહ્યું કે, મને નથી લાગતું કે, બુમરાહે વન ડે વર્લ્ડ કપ સુધીમાં તમામ ફોર્મેટમાં રમતાં રહેવું જોઈએ. તેણે ટેસ્ટ ક્રિકેટમાં રમવું જોઈએ, પણ વન ડે અને ટી-૨૦ના ફોર્મેટમાં સમયાંતરે જ ભાગ લેવો જોઈએ. તેણે સતત બધા ફોર્મેટમાં રમવાનું ટાળવું જોઈએ. બુમરાહ અંગે શાસ્ત્રીએ એમ પણ કહ્યું કે, હું તેને ટેસ્ટ ક્રિકેટ માટે બચાવી રાખવાનો વ્યુહ અપનાવીશ. આમ કરવું ખુબ જ જરુરી છે. તે ભારતીય ટીમનો પાયારૂપ ખેલાડી છે. તેની સાથે તેને વ્હાઈટબોલ ક્રિકેટના ફોર્મેટ્સમાં સમયાંતરે વારા ફરતી રમાડવો જોઈએ. છેલ્લા કેટલાક સમયથી બુમરાહને પીઠની ઈજા સતાવી રહી છે. ૩૨ વર્ષના ભારતીય ફાસ્ટરે પીઠની ઈજા પર ૨૦૨૩માં સર્જરી કરાવી હતી. બુમરાહને ડાબા ઘુંટણની ઈજાના કારણે ઓગસ્ટમાં શ્રીલંકા સામેની બે ટેસ્ટની શ્રેણી ગુમાવવી પડી હતી. જોકે એશિયન ગેમ્સમાં તેણે પુનરાગમન કરતાં ભારતને ગોલ્ડ મેડલ જીતાડ્યો હતો. વન ડેનો વર્લ્ડ કપ આવતા વર્ષે સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબીયામાં સંયુક્તપણે યોજાવાનો છે. ૨૦૨૭માં વન ડે વર્લ્ડ કપ તારીખ બીજી ઓક્ટોબરથી ૨૧ નવેમ્બર દરમિયાન આયોજીત થવાનો છે.

## સાઈ કિશોરની હેટ્રિક, તમિલનાડુ ઈનિંગથી જીત્યું

ચેન્નાઈ, તા.૨૦

તમિલનાડુના સ્પિનર સાઈ કિશોરે રણજી મેચના ત્રીજા દિવસે ઉત્તરાખંડની બીજી ઈનિંગની ૪૩મી ઓવરમાં ચોથા બોલે રાયચંદની (બોલ્ડ ૧૯), પાંચમા બોલે સૌરભ રાવત (કો.ઈન્દ્રજીત ૦) અને છઠ્ઠા બોલે આદિત્ય રાવત (કો.જગદીસન ૦)ને આઉટ કરતાં હેટ્રિક ઝડપી હતી. તેણે ૩૪ રનમાં છ વિકેટ ઝડપતાં તમિલનાડુએ ઈનિંગ ને ૬૬ રનથી ઉત્તરાખંડને હરાવ્યું હતુ. ઉત્તરાખંડના ૧૩૪ સામે તમિલનાડુએ ૩૧૩ રન કર્યા હતા. ઉત્તરાખંડ બીજી ઈનિંગમાં ૧૧૩માં ખખડ્યું હતુ.

## અમદાવાદમાં નેશનલ બ્લાઈન્ડ ટી-૨૦ ટુર્નામેન્ટ

અમદાવાદ : નેશનલ ટી-૨૦ બ્લાઈન્ડ ક્રિકેટ ટુર્નામેન્ટની ગ્રૂપ-સીની લીગ મેચો અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં તારીખ ૨૮મી ઓક્ટોબરથી ૧લી નવેમ્બર દરમિયાન જીસીએ એકેડમી ગ્રાઉન્ડ બી ખાતે રમાશે.

આ ટુર્નામેન્ટમાં ગુજરાત ઉપરાંત ઓડિશા, રાજસ્થાન, ઝારખંડ, આસામની ટીમ ભાગ લેશે, તેવી જાહેરાત ક્રિકેટ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ગુજરાત દ્વારા કરવામાં આવી હતી.

## સ્ટેટ ટેબલ ટેનિસ : અંડર-૧૩માં ધીમહી-ધ્રુવ વિજેતા

અમદાવાદ : ધીમહી કાબરાવાલ અને ધ્રુવ ભંભાણીએ અંડર-૧૩ સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસમાં અનુક્રમે ગર્લ્સ અને બોઈઝ સિંગલ્સ ટાઈટલ જીતી લીધા હતા. ધીમહીએ ફાઈનલમાં ઝિનાલી પટેલને અને ધ્રુવે ફાઈનલમાં રેહાંશ સિંઘવીને હરાવ્યા હતા. જલય મહેતા, સોહમ ભટ્ટાચાર્ય, વિવાન દવે, જન્મેજય પટેલ, અભિલાક્ષ પટેલ, ધૈર્ય પરમાર, ધ્યેય જાની અને જયનીલ મહેતા મેન્સ સિંગલ્સમાં અંતિમ આઠમાં પ્રવેશ્યા હતા.

**ત્રિકોણીય વન ડે જંગ : પાકિસ્તાને ઈંગ્લેન્ડને ૮૭ રનથી હરાવ્યું**

### ઓસ્ટ્રેલિયા સામે એક તબક્કે સાઉથ આફ્રિકાનો સ્કોર ૧૧૦/૬ હતો

## બવુમાના ૧૭૯ : સાઉથ આફ્રિકાએ પ્રથમ ઈનિંગ ૯ વિકેટે ૪૨૫ રને ડિકલેર કરી

ગાકેબેરહા, તા.૨૦

સાઉથ આફ્રિકાના કેપ્ટન બવુમાએ ટેસ્ટ ઈતિહાસની યાદગાર ઈનિંગ્સમાં સ્થાન પામે તેવી બેટિંગ કરતાં ઓસ્ટ્રેલિયા સામેની બીજી મેચમાં ૧૧૦/૬ પર ફસડાયેલી ટીમને ૧૭૯ રન ફટકારીને ઉગારી હતી. કેપ્ટનનો સાથ આપતાં જાન્સેને ૮૫ અને હાર્મરે ૮૨ રન નોંધાવ્યા હતા અને સાઉથ આફ્રિકાએ પ્રથમ ઈનિંગ નવ વિકેટે ૪૨૫ રને ડિકલેર કરી હતી. ત્રીજા દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૧ વિકેટે ૩ રન હતો. મેક્ન્સિન (૦)પહેલી ઓવરમાં રબાડાનો શિકાર બન્યો હતો.

બવુમાએ નવ કલાક અને ૧૨ મિનિટ બેટિંગ કરતાં ૩૩૪ બોલમાં ૧૮ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૧૭૯ રન ફટકાર્યા હતા. બવુમાએ પહેલીવાર ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સદી ફટકારી હતી. તેણે સાઉથ આફ્રિકાના કેપ્ટન તરીકે ઓસ્ટ્રેલિયા સામે સર્વોચ્ચ સ્કોરનો ગ્રીમ સ્મિથ (૧૨૨-રન, ૨૦૧૨)નો રેકોર્ડ પણ તોડ્યો હતો.



તેણે જાન્સેન (૮૫) સાથે સાતમી વિકેટમાં ૧૩૨ અને હાર્મર (૮૨) સાથે આઠમી વિકેટમાં ૧૮૩ રન જોડ્યા હતા.

**જાન્સેનના ૮૫ અને હાર્મરના ૮૨ રન : ઓસ્ટ્રેલિયાના પ્રથમ ઈનિંગમાં એક વિકેટે ત્રણ રન**

ટીમનો સ્કોર ૮.૫ ઓવરમાં ૧૨/૨ સ્કોર હતો, ત્યારે બવુમા ક્રિઝ પર આવ્યો હતો અને ૯મી વિકેટના રૂપમાં તે ૧૨૭.૧ ઓવરે તે આઉટ થયો ત્યારે સ્કોર ૪૨૫ હતા.

સાઉથ આફ્રિકાએ ત્રીજા દિવસનો પ્રારંભ ૯૭/૫ થી કર્યો હતો અને દિવસ દરમિયાન ૩૨૮ રન ઉમેરતાં ચાર વિકેટ ગુમાવી હતી. બોલેન્ડે ૮૧ રનમાં પાંચ અને સ્ટાર્કે ૮૯ રનમાં ૩ વિકેટ મેળવી હતી.

### બેડમિંટનમાં પ્રમોદ અને નિતિશના મેડલ નિશ્ચિત

## પેરા તીરંદાજીમાં ભારતને પાંચ ગોલ્ડની તક શીતલ દેવી અને સ્વાતિ ચૌધરી ફાઈનલમાં

નાગોયા, તા. ૨૦

ગત એશિયન ગેમ્સમાં ડબલ ગોલ્ડ મેડલ જીતનારી ભારતની પેરા તીરંદાજ શીતલ દેવી અને સ્વાતિ ચૌધરીએ એશિયન પેરા ગેમ્સમાં પોતપોતાની કેટેગરીમાં ફાઈનલમાં પ્રવેશ મેળવીને ગોલ્ડ મેડલ માટે દાવેદારી નોંધાવી છે. ભારતની કમ્પાઉન્ડ અને રિકર્વ મહિલા પેર્સ ટીમ પણ ફાઈનલમાં પ્રવેશી છે. જ્યારે બેડમિંટનમાં પ્રમોદ ભગત અને નિતિશે સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવતા બ્રોન્ઝ મેડલ નિશ્ચિત કરી લીધો છે.

૧૯ વર્ષની શીતલ દેવીએ સેમિ ફાઈનલમાં જાપાનની શિનોહારા આયાને ૧૪૫-૧૩૭ના સ્કોરથી મહાત આપી હતી. હવે ફાઈનલમાં તેનો મુકાબલો સિંગાપોરની અલીમ નૂર સ્યાહિદાહ સામે થવાનો છે. જ્યારે ભારતની સ્વાતિ ચૌધરીએ ડબલ્યુ વન કેટેગરીની સેમિ ફાઈનલમાં સાઉથ કોરિયાની ઈયુન્હી લીને ૬-૨થી હરાવી હતી. હવે ફાઈનલમાં તે ચીનની મેન્ગકાન સામે ટકરાશે. બંને હાથ ન હોવાના કારણે પગથી ધનુષ પકડીને તીરંદાજી કરતી શીતલ દેવી અને હાથ-પગ ન હોવા છતાં તીરંદાજી કરતી પાયલ નાગની જોડી પેર્સ કમ્પાઉન્ડ ઈવેન્ટની ફાઈનલમાં પ્રવેશ્યા છે. પૂજા અને ભાવનાની જોડીએ પણ મહિલા રિકર્વ પેર્સ ઈવેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા હરવિન્દર સિંઘ અને વિજય સુન્દીની જોડીએ પણ રિકર્વ મેન્સ પેર્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પેરા બેડમિંટનમાં પ્રમોદ ભગતે સિંગલ્સમાં તેમજ મનિષા રામદાસ સાથે મળીને ડબલ્સમાં સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ક્રિષ્ના નાગર અને નિત્યાની જોડી પણ અંતિમ ચારમાં પ્રવેશી છે.



## મહિલા ટી-૨૦ : ભારતે શ્રેણીમાં ૩-૦થી ઝિમ્બાબ્વેની ટીમનો વ્હાઈટવોશ કર્યો



રાયપુર : ભારતની મહિલા ટીમે ત્રીજી ટી-૨૦માં ઝિમ્બાબ્વેને ૯૨ રનથી હરાવીને શ્રેણીમાં પ્રવાસી ટીમનો ૩-૦થી વ્હાઈટવોશ કર્યો હતો. સ્મૃતિ મંધાનાને નિયમિત રીતે કેપ્ટન્સી સોંપાઈ પછી ટીમ ઈન્ડિયાની આ પહેલી શ્રેણી હતી. પ્લેયર ઓફ ધ મેચ હરમનપ્રીતે ૧૦ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૪૧ બોલમાં ૯૧ તેમજ શેફાલીએ ૩૭ બોલમાં ૬૯ રન નોંધાવતા ભારતે ૨૦ ઓવરમાં ૨૧૬/૭ સ્કોર કર્યો હતો. જવાબમાં નંદાની શર્માએ ૧૮ રનમાં ૩ વિકેટ ઝડપતાં ઝિમ્બાબ્વે ૧૨૪/૭ સુધી પહોંચી શક્યું હતુ. શાર્ને માયેર્સના ૬૦ રન હતા.

### કર્ણાટક સામે સૌરાષ્ટ્રની પ્રથમ ઈનિંગમાં સાત રનની લીડ

## બરોડાનો બિહાર સામે ૧૦ વિકેટથી વિજય દિલ્હીના ૬૪૮ સામે ગુજરાતના ૩૬૩/૫

અમદાવાદ, તા.૨૦

ભાર્ગવ ભટ્ટે બીજી ઈનિંગમાં છ અને મેચમાં કુલ આઠ વિકેટ ઝડપતાં બરોડાએ ઘરઆંગણે રમાયેલી રણજી મેચમાં બિહાર સામે ૧૦ વિકેટથી આસાન જીત હાંસલ કરી હતી. બિહારના ૧૬૬ સામે બરોડાએ પ્રથમ ઈનિંગમાં ૪૧૬નો સ્કોર કર્યો હતો અને ૨૫૦ રનની સરસાઈ મેળવી હતી. આ પછી આજે ત્રીજા દિવસે બિહારે તેની બીજી ઈનિંગ વિના વિકેટે ૪ થી આગળ ધપાવી હતી અને તેઓ ૨૫૧ રનમાં ખખડી ગયા હતા. મંગલ મહરોરે ૧૩૮ રન કર્યા હતા. જોકે ભાર્ગવ ભટ્ટે ૫૩ રનમાં છ અને મહેશ પિઠિયાએ ૪૦ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી. બરોડાએ જીતવા માટેના બે રનનો ટાર્ગેટ વિના વિકેટે શિવાલિક શર્માના ચોગ્ગાને સહારે પાર પાડ્યો હતો અને જીત હાંસલ કરી હતી.

**મનન હિંગરાજીયાની નોટઆઉટ સદી**

દિલ્હીએ પ્રથમ ઈનિંગ ૬૪૮/૬ ના સ્કોરે ડિકલેર કરી હતી. જેની સામે ગુજરાતે આજે ત્રીજા દિવસે ગઈકાલના ૯૮/૨ના સ્કોરથી આગળ રમતાં વધુ ૨૬૫ રન ઉમેરતા માત્ર ૩ વિકેટ ગુમાવી હતી. મનન હિંગરાજીયાએ ૨૭૪ બોલમાં ૧૨ ચોગ્ગા, ૧ છગ્ગા સાથે નોટઆઉટ ૧૦૮ રન કર્યા હતા. જયમીત પટેલે ૧૧૯ બોલમાં ૯ ચોગ્ગા સાથે ૭૨ રન તેમજ કેપ્ટન ચિંતન ગજાએ ૧૦૫ બોલમાં ૩ ચોગ્ગા સાથે નોટઆઉટ ૪૧ રન કર્યા હતા. ગુજરાત હજુ ૨૮૫ રનના દેવા હેઠળ છે.



**હાર્વિક, સમર અને અર્પિતની અડધી સદી**

કર્ણાટકના ૩૪૨ સામે સૌરાષ્ટ્રે હાર્વિક દેસાઈ (૭૭), સમર ગજ્જર (૧૨૧ બોલમાં ૧૨ ચોગ્ગા સાથે ૭૯) અને અર્પિત વસાવડા (૬૫)ની અડધી સદીને સહારે પ્રથમ ઈનિંગમાં સાત રનની પાતળી પણ નિર્ણાયક સરસાઈ મેળવી હતી. સૌરાષ્ટ્રે આજે ત્રીજા દિવસે ૧૬૪/૪ના સ્કોરથી આગળ રમતાં વધુ ૧૮૫ રન જોડતા છ વિકેટ ગુમાવી હતી. કાવેરપ્પાએ ચાર વિકેટ ઝડપી હતી. કર્ણાટકે ત્રીજા દિવસના અંતે બે વિકેટે ૯૯ રન કર્યા હતા.

**મુંબઈને ઈનિંગની જીતની આશા**

સરફરાઝ ખાનના ૧૫૪ અને આકાશ આનંદના ૧૧૭*ને સહારે હિમાચલ (૧૪૦) સામે મુંબઈએ પ્રથમ ઈનિંગ ૫૨૮/૮ પર ડિકલેર કરી હતી. ૩૮૮ના દેવા સામે હિમાચલે બીજી ઈનિંગમાં ત્રીજા દિવસના અંતે ૧૪૪/૩નો સ્કોર કર્યો હતો.

**મુંબઈને સતત બીજી મેચમાં ઈનિંગથી જીતની આશા**

### પોર્ટુગલની ટીમનો કેમ્પ છોડવો ભારે પડ્યો

## ગેરશિસ્ત બદલ રોનાલ્ડોને ૩૦ દિવસના સસ્પેન્શનની સજા

લિસ્બન, તા. ૨૦

પોર્ટુગીઝ ફૂટબોલ ફેડરેશનની શિસ્ત સમિતિએ રોનાલ્ડોને નિયમોના ભંગ બદલ દોષિત ઠેરવ્યો હતો. રાષ્ટ્રીય ટીમની પરવાનગી વિના કેમ્પ છોડવા બદલ તેને ૩૦ દિવસના સસ્પેન્શનની સાથે ૨૫૫ યુરોનો દંડ ફટકારવામાં આવ્યો છે. ફેડરેશનના નિયમો મુજબ આવા કિસ્સામાં એકથી છ મહિના સુધીનું સસ્પેન્શન થઈ શકે છે.

રોનાલ્ડોએ અગાઉ પોતાના વર્તન બદલ સાથી ખેલાડીઓ અને ચાહકોની માફી માગી હતી. તેણે સ્વીકાર્યું હતું કે ટીમ છોડવાનો નિર્ણય યોગ્ય નહોતો અને શિસ્તભંગ બદલ થનારી કાર્યવાહી સ્વીકારવા તે તૈયાર છે. સસ્પેનશનનો સમયગાળો ડેનમાર્ક સામેની મેચના દિવસથી ગણવામાં આવશે.



ડેનમાર્ક સામેની મેચમાં કોચ જેસસ તેમને પ્લેઇંગ ટીમમાંથી પડતો મુકવાના છે તેની જાણ થતાં તેણે કેમ્પ છોડી દીધો હતો. હવે તે નેશન્સ કપની નવેમ્બરમાં રમાનાર ડેનમાર્ક સામેની બીજી મેચ અને વેલ્સ સામેની મેચ જો કોચ તેને ટીમમાં સામેલ કરે તો રમી શકશે.

રોનાલ્ડો પોર્ટુગલ માટે અત્યાર સુધીમાં ૨૩૪ આંતરરાષ્ટ્રીય મેચ રમીને ૧૪૬ ગોલ નોંધાવી ચૂક્યો છે. તેના નામે પુરુષોના આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ મેચ રમવાનો અને સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ છે.




## શ્રદ્ધાની માહિતી માટે ૫૦ હજારનું ઈનામ હતું

# લખનઉના ઉદ્યોગપતિની હત્યામાં ફરાર મોડલ શ્રદ્ધા નાગપુરથી ઝડપાઈ

મુંબઈ તા. ૨૦

લખનઉમાં એક કાફેના માલિક શિવ શર્માની કથિત હત્યાની મુખ્ય આરોપી ફેશન મોડેલ શ્રદ્ધા દુબેની ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને લખનૌ પોલીસની સંયુક્ત ટીમ દ્વારા મંગળવારે નાગપુરથી ધરપકડ કરવામાં આવી હતી. એક સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૧ દિવસથી ફરાર દુબે નાગપુર શહેરના વર્ધા રોડ પર સ્થિત એક ફ્લેટમાં છુપાયેલી હતી ત્યારે બપોરે ૩.૩૦ વાગ્યે ટીમ દ્વારા તેને શોધી કાઢવામાં આવી અને પકડી લેવામાં આવી હતી.

## ૧૧ દિવસથી ફરાર શ્રદ્ધા સાથે તેની બહેન રશ્મિ અને ડ્રાઈવર તનવીર પણ એક ફ્લેટમાંથી ઝડપાયાં

તેમણે જણાવ્યું હતું કે નાગપુર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ૩૧ વર્ષીય મોડેલને શોધવા અને પકડવામાં ઉત્તર પ્રદેશ એસટીએફ અને લખનૌ પોલીસને મદદ કરી હતી. નાગપુર ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી દીપક અગ્રવાલે દુબેની ધરપકડની પુષ્ટિ કરી હતી.



ઉત્તર પ્રદેશની રાજધાનીના હઝરતગંજના બાલુ અડ્ડા વિસ્તારમાં ૯ ઓક્ટોબરના રોજ એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગની બાલ્કનીમાંથી શિવ શર્મા નીચે પડી ગયા હોવાનો આરોપ છે. શર્માની ભાગીદાર દુબે, તેની બહેન અને તેમનો ડ્રાઈવર આ કેસમાં મુખ્ય આરોપી છે, આ ઘટના હત્યાની હોવાની શંકાના આધારે તપાસ થઈ રહી છે.

આ ઘટના બાદ શર્માની કથિત લિવ-ઈન પાર્ટનર દુબે, ૯ ઓક્ટોબરથી ફરાર હતી. શર્માની માતા રંજના શર્માએ આ ઘટના બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને તેમના પુત્રની હત્યા કરવામાં આવી હોવાનો આરોપ કર્યો હતો.

લખનૌ પોલીસે દુબે, તેની બહેન રશ્મિ અને અન્ય આરોપી તનવીર અલી ઉર્ફે દાનિશની ધરપકડ કરવા માટે માહિતી આપનાર પ્રત્યેકને પચ્ચીસ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. બાદમાં આ ઈનામ વધારીને ૫૦ હજાર રૂપિયા કરવામાં આવ્યું હતું.

રવિવારે શ્રદ્ધા સાથેના ઈન્ટરવ્યુનો વીડિયો સામે આવ્યા બાદ આ કેસે વધુ ધ્યાન ખેંચ્યું હતું. અગાઉ સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વીડિયોમાં, દુબેએ શર્માના મૃત્યુમાં સંડોવણીનો ઈનકાર કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેણે આર્થિક તંગીને કારણે આત્મહત્યા કરી હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે શર્મા ૧૫ લાખથી ૨૦ લાખ રૂપિયાના દેવા હેઠળ હતો અને જો તે પૈસા ચૂકવી નહીં શકે તો તેણે પોતાનું જીવન ટૂંકાવી દેવાની વાત કરી હતી.

આ ઘટના તરફ દોરી જતી ઘટનાઓના પોતાના વર્ણનમાં, દુબેએ દાવો કર્યો હતો કે ૯ ઓક્ટોબરના રોજ શર્મા તેના નિવાસસ્થાનના બાથરૂમમાં ગયો અને દરવાજો બંધ કરી દીધો હતો. તેઓ મળીને દરવાજો ખોલે તે પહેલા, શર્મા બાલ્કનીમાંથી કૂદી ગયો હતો.

દુબેએ કહ્યું છે કે સીસીટીવી ફૂટેજની મદદથી શું થયું તે સ્થાપિત કરવામાં મદદ મળશે. તેણે શર્મા પર હુમલો કરવામાં આવ્યો હોવાના આરોપોને નકારી કાઢ્યા છે. દુબેએ એવો પણ દાવો કર્યો છે કે તેણે શર્માનો ફોન પોલીસને આપ્યો હતો, કહ્યું હતું કે તેની મદદથી શર્માના શાહુકારો સાથેના સંપર્કો બાબતની માહિતી મેળવવામાં મદદ મળી શકે છે.

લખનૌમાં એક એપાર્ટમેન્ટમાંથી શર્મા પડી ગયા પછી શરૂઆતમાં આ કેસને આકસ્મિક મૃત્યુ તરીકે જોવામાં આવ્યો હતો. તેના પરિવારે આરોપ લગાવ્યો હતો કે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેને ઈમારતમાંથી ફેંકી દેવામાં આવ્યો હતો તે પછી આ કેસ હત્યાની તપાસમાં ફેરવાઈ ગયો હતો.

## યુક્રેનને અમેરિકાની સહાય ચાલુ જ રહેશે

# યુક્રેનને ગુપ્તચર માહિતી ન આપી હોવાના આરોપથી ટ્રમ્પ નારાજ : રુબિયો

મુંબઈ, તા.૨૦

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ સ્પષ્ટ કર્યું છે કે યુક્રેનને હથિયારોની સહાય અને ગુપ્તચર માહિતી પૂરી પાડવાની અમેરિકાની નીતિમાં કોઈ ફેરફાર થયો નથી. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુક્રેનને જાણીજોઈને નુકસાન પહોંચાડવાના ખોટા આરોપથી નારાજ છે. સાથે જ, રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટેની વાટાઘાટોમાં પ્રગતિ ન થવાથી તેઓ હતાશ છે. અમેરિકાનો હેતુ યુદ્ધનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવાનો છે.

## રશિયા-યુક્રેન યુદ્ધનો વાટાઘાટોથી અંત લાવવા અમેરિકાના પ્રયાસો, યુદ્ધને કારણે વિશ્વમાં ઊર્જા સંકટ વધવાનું જોખમ

ત્રણ દિવસની ભારત મુલાકાતે મુંબઈ પહોંચેલા રુબિયોએ જણાવ્યું કે અમેરિકાએ યુક્રેનને સહાય કે ગુપ્તચર માહિતી આપવાનું બંધ કરવાનો કોઈ રાજકીય આદેશ આપ્યો નથી. મિસાઈલને હવામાં અટકાવતી પ્રણાલીઓની વૈશ્વિક સ્તરે ભારે માગ હોવાથી તમામ દેશોને પૂરતો પુરવઠો આપવો મુશ્કેલ છે. અમેરિકાએ પોતાની વૈશ્વિક સુરક્ષા વ્યવસ્થાની જરૂરીયાતો પણ જાળવવાની હોય છે. તેથી યુક્રેનને સહાય જાણીજોઈને નકારવામાં આવી રહી હોવાનો દાવો ખોટો છે.

યુક્રેન પર ૧૩ અને ૧૮ ઓક્ટોબરે થયેલા રશિયન હવાઈ હુમલાઓ વિશે અગાઉથી ચેતવણી ન મળવા વિશે રુબિયોએ કહ્યું કે એની પાછળ ટેકનીકલ સમસ્યા હોઈ શકે છે.

માહિતી મેળવવા, તેને વ્યવસ્થિત કરવા અને તેના આધારે કાર્યવાહી કરવામાં આંતરિક મુશ્કેલી સર્જાઈ હોવાની શક્યતા તપાસાઈ ચુકી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અમેરિકાએ ગુપ્તચર માહિતી આપવાનું બંધ કર્યું નથી અને અગાઉની જેમ ચેતવણીઓ પૂરી પાડવામાં આવી રહી છે.

રુબિયોના જણાવ્યા અનુસાર યુદ્ધમાં સતત થઈ રહેલી જાનહાનિ, યુક્રેનના વીજળી માળખાને થતા નુકસાન અને વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટને કારણે યુદ્ધનો અંત આવવો જરૂરી છે. પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે ડીઝલની પરવડે તેવી ઉપલબ્ધતા પણ અનેક દેશો માટે ચિંતાનો વિષય છે. અમેરિકાનો પ્રયાસ બંને પક્ષોને વાટાઘાટો દ્વારા સમજૂતી સુધી લાવવાનો છે, કારણ કે યુદ્ધ વધુ ફેલાવવાનું જોખમ પણ રહેલું છે.

## દશેરાની ઊજવણીમાં વિપક્ષના સરકાર પર પ્રહાર

# બેકારી, મોંઘવારી સાચા રાવણ, અમારી લડાઈ સત્ય માટે : પ્રિયંકા

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૦

દેશભરમાં રાવણ દહન સાથે દશેરાની ધામધૂમથી ઊજવણી થઈ હતી ત્યારે કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રાએ મંગળવારે કહ્યું કે, લોકો બેરોજગારી અને મોંઘવારી સ્વરૂપે 'રાવણ'નો સામનો કરી રહ્યા છે. અસત્ય સામેની લડાઈમાં અમે સત્ય માટે લડી રહ્યા છે.

## કોકરોચનું પૂતળું સળગાવી મફત પબ્લિસિટી આપવા બદલ દીપકેએ રામલીલા આયોજકોનો આભાર માન્યો

દિલ્હીમાં લાલ કિલ્લા સ્થિત ગાંધી મેદાનમાં આયોજિત રામલીલામાં પ્રિયંકા ગાંધીએ હાજરી આપી હતી. આ સમયે તેમણે ભગવાન રામની પૂજા કરી અને તેમના આશિર્વાદ માગ્યા હતા. તેમણે કહ્યું, અમારા માટે આ રાજકારણનો કોઈ પ્રસંગ નથી તેથી હું સરકારને કોઈ ચોક્કસ સંદેશો નહીં આપું. આજે હું માત્ર એટલું જ કહેવા માગું છું કે જનતા બેરોજગારી અને વધતી મોંઘવારી સ્વરૂપે 'રાવણ'નો સામનો કરી રહી છે. સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈ હજુ પણ ચાલુ છે. અમે સત્ય માટે લડી રહ્યા છીએ.

બીજીબાજુ દિલ્હીમાં અન્ય એક રામલીલામાં રાવણ, કુંભકર્ણ અને મેઘનાદની સાથે કોકરોચનું ૩૦ ફૂટનું વિશાળ પૂતળું સળગાવવાના વિવાદ મુદ્દે કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ રામલીલાના આયોજકોનો આભાર માન્યો હતો. દીપકેએ એક્સ પર લખ્યું કે, અમારો મફતમાં પ્રચાર કરવા બદલ આયોજકોનો આભાર.

બીજીબાજુ સીજેપીના લીગલ હેડ રત્ના સિંહે તેને 'તમાશા' ગણાવ્યું. અન્ય એક પોસ્ટમાં તેમણે લખ્યું સીજેપી કંઈક સારું કામ કરી રહી છે. જોકે, આ વિવાદ મુદ્દે રામલીલાના આયોજકોએ સ્પષ્ટતા કરી હતી કે તેમણે સ્વચ્છ ભારત અને સ્વચ્છ દિલ્હી અભિયાનના ભાગરૂપે સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે કોકરોચનું પૂતળું સળગાવ્યું હતું.



આખા દેશમાં અધર્મ પર ધર્મના વિજય, અસત્ય પર સત્યના વિજયના ભાગરૂપે દશેરાએ રાવણદહન ઉલ્લાસભેર કરવામાં આવ્યુ હતુ. રાવણની સાથે-સાથે તેના ભાઈ કુંભકર્ણ અને પુત્ર મેઘનાદના પૂતળાનું પણ દહન કરવામાં આવ્યું હતું.

## રાહુલના વિયેતનામ પ્રવાસ મુદ્દે વિવાદ

# જુઠ્ઠાણું ફેલાવી થાકી ગયા : રાહુલના વિદેશ પ્રવાસ પર ભાજપનો ટોણો

નવી દિલ્હી, તા. ૨૦

વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિયેતનામના પ્રવાસે રવાના થયા હતા, જેને પગલે ભાજપે રાહુલ પર કટાક્ષ કર્યો હતો અને કહ્યું હતું કે વિરોધ પ્રદર્શનોમાં જુઠ્ઠાણા ફેલાવીને રાહુલ ગાંધી બહુ જ થાકી ગયા હોવાથી વિદેશ પ્રવાસે ગયા છે.

## પીએમ મોદીએ લોકસભાના સત્ર વચ્ચે વિદેશ પ્રવાસે જઈને પરંપરા તોડી હતી : કોંગ્રેસ

સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરાયો હતો, જેમાં એક વિમાનમાં રાહુલ ગાંધી વિદેશ જતા જોવા મળ્યા હતા. આ વીડિયોને ભાજપે પોસ્ટ કરીને કહ્યું હતું કે જુઠ ફેલાવતા ફેલાવતા થાકી ગયો છું, થોડા દિવસ માટે વિયેતનામ ફરી આવું, કોઈને શું ખબર પડી જવાની છે? જ્યારે ભાજપના પ્રવક્તા આરપી સિંહે કહ્યું હતું કે જુવો રાહુલ ગાંધી દર વખતે આવું કરે છે, બિહારમાં યાત્રા કર્યા બાદ વિદેશમાં બે મહિના માટે હોલીડે પર ગયા હતા. કદાચ તેઓ તે સમયે વિયેતનામ ગયા હતા અને હાલ પણ ફરી વિયેતનામ જવા નિકળ્યા છે.

જ્યારે ભાજપના અન્ય એક નેતાએ કહ્યું હતું કે રાહુલ ગાંધી હાર્ડ વર્ક નથી કરી શકતા. ભાજપ પર વળતો પ્રહાર કરતા કોંગ્રેસના નેતા સંદીપ દિક્ષિતે કહ્યું હતું કે વિદેશ કોણ નથી જતું? રાહુલ ગાંધી વિદેશમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરે છે, ઈન્ટરવ્યૂ આપે છે જે મોદી નથી કરી શકતા. આપણો ઈતિહાસ રહ્યો છે કે જ્યારે લોકસભામાં સત્ર ચાલી રહ્યું હોય ત્યારે વડાપ્રધાન વિદેશ નથી જતા જોકે નરેન્દ્ર મોદીએ આ પરંપરા તોડી અને ચાલુ સત્રમાં વિદેશ ગયા હતા.

## ભારતમાં શાસન ઉથલાવવાનું આસુરી તાકતોનું લક્ષ્ય

# દેશમાં બળવાથી સત્તા પરિવર્તન થયું નથી અને થશે પણ નહીં : ભાગવત

નાગપુર, તા.૨૦

દુનિયાભરમાં યુદ્ધો વચ્ચે મોંઘવારી, શિક્ષણમાં સુવિધાઓના અભાવ જેવા મુદ્દાઓ પર જનતામાં રાજકીય અસંતોષ વધી રહ્યો છે, જે દેશમાં અરાજકતાની સ્થિતિ સર્જે છે. ભારતમાં પણ વિપક્ષ દ્વારા સત્તા પરિવર્તનના પ્રયત્નો થઈ રહ્યા હોવાનો સંકેત આપતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે મંગળવારે જણાવ્યું કે, પશ્ચિમના દેશો તરફથી એવી હવા ચાલી છે કે દેશમાં સત્તા પરિવર્તન કરો એટલે પરિસ્થિતિ બદલાઈ જશે, પરંતુ ભારતમાં ક્યારેય બળવાથી સત્તા પરિવર્તન થયું નથી અને થશે પણ નહીં. સત્તા પરિવર્તનથી મૂળભૂત સમસ્યાઓનો ઉકેલ આવી શકતો નથી. વધુમાં દેખાવોનો ઉપયોગ રાજકીય હેતુઓ અને સમાજમાં વિભાજન માટે થઈ શકે છે.

## સત્તા પરિવર્તનથી મૂળભૂત સમસ્યાઓનો ઉકેલ આવતો નથી, દેખાવોનો ઉપયોગ રાજકીય હેતુઓ અને સમાજમાં વિભાજન માટે થાય છે

નાગપુરમાં વિજયાદશમી ઉત્સવ પ્રસંગે રેશિમબાગમાં આરએસએસનો પરંપરાગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંઘના વડા મોહન ભાગવતે આરએસએસના શતાબ્દિ વર્ષમાં કરાયેલા કામોથી લઈને વિશ્વની વર્તમાન સ્થિતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે એઆઈ, ફ્રાન્સના દેખાવો, રાષ્ટ્રીય એકતા સુધી બધા મુદ્દા પર વાત કરી હતી. તેમણે સ્વદેશી અપનાવવા, સામાજિક સમરસતા અને ભારતની વિવિધ પર પણ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં મોહન ભાગવતે દેશમાં ચાલી રહેલા આંદોલન અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે, આંદોલનથી પરિવર્તન આવતું નથી, મૂળભૂત સમસ્યાઓનું સમાધાન સમાજની અંદરથી જ આવે છે.

ફ્રાન્સ, અલ્બાનિયા, બાંગ્લાદેશ, નેપાળ જેવા દેશોમાં હિંસક દેખાવોનો ઉલ્લેખ કરતાં ભાગવતે કહ્યું કે, આસુરી તાકતો ભારતને તોડવાનો પ્રયત્ન કરી રહી છે. જોકે, આ પ્રયાસ સફળ નહીં થાય. પોતાનો સ્વાર્થ સાધવા માટે આસુરી તાકતો રાજકીય સ્થિતિ બદલવા માટે સત્તા પરિવર્તન કરવા માગે છે.

ભાગવતે કહ્યું કે, પશ્ચિમમાંથી એક એવું તોફાન આવ્યું છે, જે દરેક પ્રકારની વ્યવસ્થા, મર્યાદા, સંસ્કૃતિ અને માનવીય મૂલ્યોનો વિરોધ કરે છે અને તેમનો નાશ કરવા, દૂષિત કરવા અને બરબાદ કરવા માગે છે. તેનાથી વિકસિત દેશો પણ પ્રભાવિત થયા છે.

તેમણે ઉમેર્યું કે, કોઈપણ લોકતાંત્રિક દેશમાં સમસ્યા થાય છે ત્યારે આંદોલન થાય છે, પરંતુ આંદોલન સમાધાન લાવવા માટે થવા જોઈએ. આંદોલન કરનારા જૂથ હોય કે અખંડ સમાજમાં કોઈ પ્રકારનું વિભાજન કે દ્વેષ ન હોવા જોઈએ. જોકે, આંદોલનથી સમસ્યાનું સમાધાન નીકળે તેવા ઉદાહરણ બહુ ઓછા છે.

**મોહન ભાગવતે રાષ્ટ્રીય એકતા, એઆઈથી લઈને ફ્રાન્સમાં દેખાવો પર વાત કરી અને સ્વદેશી અપનાવવા, સામાજિક સમરસતા પર ભાર મૂક્યો**

## છેતરપિંડી અને મની લોન્ડરિંગનાં અનેક કેસોમાં દોષિત

# બ્રિટનમાં કોવિડમાં પીપીઈ ઉપલબ્ધ ન કરાવનાર ભારતીય દંપતિને જેલ

(પીટીઆઈ) લંડન, તા. ૨૦

બ્રિટનમાં ભારતીય મૂળનાં દંપતિને જેલની સજા ફટકારવામાં આવી છે. તેમના પર આરોપ છે કે કોવિડ મહામારી દરમિયાન તેમણે પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (પીપીઈ) ઉપલબ્ધ કરાવવાનું ખોટું વચન આપ્યું હતું અને પછી ગેરકાયદેસર રીતે નાણાની હેરાફેરી (મની લોન્ડરિંગ) કરી હતી.

## પત્નીને બે વર્ષની સસ્પેન્ડેડ જેલ અને ૨૫૦ કલાક પગાર વગર સામુદાયિક સેવા તથા પતિને આઠ વર્ષની જેલની સજા

જુલાઈમાં લીસેસ્ટર ક્રાઉન કોર્ટમાં પાંચ સપ્તાહ સુધી ચાલેલા કેસ પછી ૫૯ વર્ષીય યોગેશ ભંડારી અને ૫૮ વર્ષીય મીનાક્ષી ભંડારીને છેતરપિંડી અને મની લોન્ડરિંગનાં અનેક કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે.

સાત ઓક્ટોબરે તેમની પત્નીને બે વર્ષની સસ્પેન્ડેડ જેલની સંભળાવવામાં આવી અને ૨૫૦ કલાક સુધી પગાર વગર સામુદાયિક સેવા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જ્યારે યોગેશ ભંડારી ખરાબ તબિયતનું કારણ આપી કોર્ટમાં હાજર થયા ન હતાં. જજનાં ધરપકડનાં આદેશ પછી તેમને ગયા સપ્તાહમાં આઠ વર્ષની જેલ સજા ફટકારવામાં આવી હતી.

૪૩ વર્ષીય ક્રેગ મોરીસ જેણે ૨૦૨૦ અને ૨૦૨૧માં અનેક છેતરપિંડીવાળા સોદાઓમાં આ દંપતિની કંપનીની તરફથી પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેને આ મહિનાની શરૂઆતમાં ત્રણ વર્ષ અને ૯ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે.

આ છેતરપિંડીની તપાસ કરનાર નેશનલ ક્રાઈમ એજન્સી (એનસીએ)નાં ઓપરેશન્સ મેનેજર પોલ બોનિફિસે જણાવ્યું હતું કે આ આરોપીઓએ મહામારી દરમિયાન જ્યારે સમગ્ર વિશ્વ અનિશ્ચિતતાનાં સમયમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે કાયદેસરનાં વ્યવસાયોને નિશાન બનાવ્યા હતાં અને પોતાના ખિસ્સા ભરીને લક્ઝરી જીવન શૈલી વિતાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે એક તરફ ભંડારી પોતાની નવી લક્ઝરી કાર લઈ રહ્યો હતો અને કહી રહ્યો હતો કે તેનાં આનંદનો પાર નથી. ત્યારે બીજી તરફ સ્વાસ્થ્ય સુવિધાઓને જરૂરી પીપીઈ નહીં મળી રહ્યાં ન હતાં.

### કોલંબિયાના દક્ષિણ પશ્ચિમમાં સોનાની ખાણ ધસી પડતા ૧૪નાં મોત

કોલંબિયાના નારિના પ્રાંતના અંતરિયાળ વિસ્તારમા આવેલી અને ગેરકાયદે ચાલતી સોનાની ખાણ ધસી પડતાં ૧૪ ખાણિયાના મોત થયા છે. નારિનોની સરકારે નિવેદનમાં જણાવ્યું હતું કે સાન્તા બાર્બરા ડી ઈસ્કુઆન્ડે શહેર નજીક સોમવારે બનેલી આ દુર્ઘટનામા સાત લોકો ઈજાગ્રસ્ત બન્યાં છે.નિવેદનમા વધુમાં જણાવાયું હતું કે આ ઘટના ગેરકાયદેસર ખાણકામ સાથે સંકળાયેલા જોખમને ઉજાગર કરે છે.નારિનોમા ત્રણ મહિનાથી ઓછા સમયમાં ખાણ ધસી પડવાની બે ઘટનામા ૨૭ લોકોના મોત થયા છે.સાન્તા બાર્બરા ડી ઈસ્કુઆન્ડે ગીચ રેઈનફોરેસ્ટ થી ઘેરાયેલુ છે. અહી સુધી માત્ર હોડી અથવા નાના વિમાન દ્વારા જ પહોચી શકાય છે.જેથી બચાવ કર્મચારીની ટીમને અહી પહોચવામાં અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# તહેવારોને ધ્યાનમાં રાખીને નેપાળ સરહદે સુરક્ષા વધારાઈ

નવી દિલ્હી, તા. ૨૦

ભારત અને નેપાળ સરહદે સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. ભારતે સરહદે સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષાદળો તૈનાત કર્યા છે. તહેવારોને ધ્યાનમાં રાખીને કોઈ પણ પ્રકારની અયોગ્ય ઘટનાને પહોંચી વળવા માટે સુરક્ષા વધારવામાં આવી છે.

તાજેતરમાં દુર્ગા પ્રતિમાઓ, દર્શન-પૂજન, મેળા તેમજ વિસર્જન દરમિયાન કોઈ પણ પ્રકારની અપ્રિય ઘટના બને તો તેનો સામનો કરવા માટે મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓને એલર્ટ રાખવામાં આવ્યા છે. દશેરાની સાથે મંગળવારે માં દુર્ગાની મુર્તિઓનું સિર્જન થવાનું હોવાથી સુરક્ષા વધારવામાં આવી હતી.

Celebrate Diwali
Khanvel RESORT SILVASSA
Ideal Place For Marriages, Conferences & Relaxation
www.khanvelresort.com

વેચાણ નોટીસ
ઓફિશિયલ લિક્વીડેટરની કચેરી
ગુજરાતની વડી અદાલત સાથે જોડાયેલ
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય

BEFORE THE HON'BLE 2ND ADD. DISTRICT JUDGE SHRI. A. S. VYAS, AHMEDABAD (RURAL), AT AHMEDABAD
CIVIL MISC. APPLICATION NO. 183 OF 2026
EXH NO.: 7
APPLICANT : SHRI LAMBHA NAVA BALIYAKAKA PROPERTY TRUST, through its Trustees.
Vs.
OPPONENT : CHANDRAKANT KHODABHAI PATEL & 3 ORS
NOTIC/SOMMONS
FOR ISSUANCE OF INVITING OBJECTION FROM PUBLIC AT LARGE FOR MODIFICATION OF SCHEME U/S. 50 OF BOMBAY PUBLIC TRUST ACT.
The Applicant herein has filed an application U/s 50 Bombay Public Trust Act, 1950 for modification of Scheme Frame in connection with the Trust named Shri Lambha Nava Baliyakaka property Turst, reg. No. A/605-Ahmedabad.
1. That the Applicant is the Turst duly registered under the provisions of Bombay Public Trust Act. The previous Scheme framed by this Court in 1966, vide Suit no. 1 of 1966, hence applicant trust through its trustees applied for modification of said Scheme.
2. You and Public at large are hereby notice/summoned to appear in person or through advocate and file written objection before this Court at 11:00 a.m. or at such time immediately thereafter as per convenience of the Court on 21st day of November, 2026. To answer the application for Modification of Scheme as well as to join as party to the present proceeding the permission for filing the application for Modification of Scheme therefore in case of any other person having interest towards the same or interest for the application for Modification of Scheme with the name of the applicant or anybody claiming through them hereby intimated.
3. Take notice that in case of default, applicant's and application for Modification of Scheme shall be heard and decided in You and Public at larger absence.
GIVEN MY HAND AND SEAL OF THE COURT ON THIS 19th DAY OF OCTOBER, 2026.
Prepare By (H.K.Boghani) Assitant | Court Seal | Compared by (S.D.Patel) Dy.Registrar | By Order (N.B. Nahyapara) Additional Registrar

DAHEJ SEZ LIMITED
(A Joint Venture of GIDC & ONGC)
Tender No.: 02 /2026-27
Tender/offer is invited from the eligible contractor/agency So as to reach on or before last date of receipt of the tender. Tender details are as under:-

| SN | Name Of Work |
| --- | --- |
| 01 | Tender for providing Security services in Dahej Special Economic Zone (SEZ), Dahej and New SEZ & Industrial Park (IP) at Pakhajan site developed by Dahej SEZ Ltd. Ta: Vagra, Dist: Bharuch. |

Detail tender notice is available on our website- www.dahejsez.com. Any rectification / modification / correction if any regarding this notice hereinafter made shall be seen in the corrigendum to this notice on our web site: www.dahejsez.com and must be binding to all agencies / contractors.
Right to reject any or all the bidders/offers without assigning any reasons are reserved by Dahej SEZ Ltd.
Sd/
Chief Executive Officer
Dahej SEZ Limited, Gandhinagar

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
WALK IN INTERVIEW - DATE : 24/10/2026

| નામ | વિષય |
| --- | --- |
| મદદનીશ પ્રાધ્યાપક (કરાર આધારિત) | કમ્પ્યુટર વિજ્ઞાન |

વધુ વિગતો www.gujaratvidyapith.org પરથી મળશે.

શું આપ, ભાવનગરમાં પ્રોપર્ટી ખરીદવા ઈચ્છો છો ?
હા, તો અમારી પાસે ભાવનગરના ચિત્રા જી.આઈ.ડી.સી.માં પ્રાઈમ લોકેશન પર 4500 ચો.વાર (200 ફુટ x 210 ફુટ) નો 8000 ચો. ફુટના બાંધકામ, પાવર, ઓફિસ તથા પાણીની સુવિધા સાથેની તમામ સુવિધા ધરાવતો
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વેચવાનો છે.
મો. 99257 56376


TATA.CARS
NOTHING'S TOO FAR
TATA
SSS SUPER SEASON OF SIERRA
આ તહેવારોની ખુશીઓમાં SIERRAની SUPER SEASON
મર્યાદિત સમયની ઓફર્સ સાથે ₹1.15 LAKH* સુધીના લાભ મેળવો
ઓફર 31 ઓક્ટોબર સુધી માન્ય છે. તમારા નજીકના શોરૂમની મુલાકાત લો અને હમણાં જ બુક કરો.
SIERRA #DARK
SIERRA
#DARKની શરૂઆતની કિંમત ₹13.99 LAKH* થી
Friesian Black exterior, Violet Eclipse interior theme અને signature #DARK detailing સાથે
LEGEND SERIESની શરૂઆતની કિંમત ₹11.99 LAKH* થી
SIERRA LEGEND SERIES ના મુખ્ય ફીચર્સ
Full Leatherette Interiors
Wireless Charger
6 Way Powered Driver Seat & Boss Mode
Ventilated Front Seats with Thigh Support Extender
360° SVS with 31.24cm (12.3") Infotainment with Wirelss AA™ & ACP™
BOOK TATA.CARS
BHARAT NCAP
Scan to Find your nearest Tata.Cars dealership
SAFETY DOME
SCAN TO KNOW MORE